# વિકાસ આધારિત હકાલપટ્ટી અને વિસ્થાપન પર સંયુક્ત રાષ્ટ્રના મૂળ સિદ્ધાંત અને દિશાનિર્દેશ

## માર્ગદર્શિકા

આવાસ અને ભૂમિ અધિકાર સંગઠન

સામાજિક ન્યાય કેન્દ્ર

વિકાસ આધારિત હકાલપટ્ટી તથા વિસ્થાપન બાબતે ઘડાયેલા ૨૦૦૭ના સંયુક્ત રાષ્ટ્રના મૂળ સિદ્ધાંતો તથા દિશાનિર્દેશો યોગ્ય આવાસના અધિકાર માટે અગત્યના છે. આ દિશાનિર્દેશો વિસ્થાપનના ઓથાર હેઠળ જીવતા દરેક સમુદાય માટે યોગ્ય આવાસનો અધિકાર નિર્ધારિત કરવામાં તેમજ બળજબરીપૂર્વક થતી હકાલપટ્ટીને ઓછી કરવામાં પાયારૂપ ભૂમિકા ભજવી શકે તેમછે. વળી, વિસ્થાપન વખતે પુનર્વસવાટ તેમજ પુનઃસ્થાપનમાં માનવ અધિકાર આધારિત માપદંડોને પ્રેરિત કરે છે.

આવાસ અને ભૂમિ અધિકાર સંગઠન (હાઉસિંગ ઍન્ડ લૅન્ડ રાઇટર્સ નેટવર્ક-એચએલઆરએન)ની સાથે સામાજિક ન્યાય કેન્દ્રએ વિકાસ આધારિત હકાલપટ્ટી અને વિસ્થાપન અંગે સંયુક્ત રાષ્ટ્રના મૂળ સિદ્ધાંતો તથા દિશાનિર્દેશોના વ્યાપક વિતરણ માટે એક વ્યાપક અભિયાનનું નેતૃત્વ કર્યું છે. આ અભિયાનનું મુખ્ય લક્ષ્ય, નીતિનિર્ધારકો, લોકઆંદોલન, નાગરિક સમુદાયો તથા અન્ય સંસ્થાઓ સાથે જોડાઇને સ્થાનિક, રાજ્ય તથા કેન્દ્ર સરકાર અને અન્ય બિનસરકારી સંગઠનો વચ્ચે આ દિશાનિર્દેશોની સ્વીકૃતિ તથા તેના અમલીકરણને પ્રોત્સાહન આપવાનો છે.

સામૂદાયિક પહેલ, સાર્વજનિક કાર્યક્રમો, આદાન-પ્રદાનસત્રો, પરામર્શ તથા જાણકારી વિતરણનાં માધ્યમો દ્વારા આ દિશાનિર્દેશો અંગે જાગૃતિ વધારવી જોઇએ એ અભિયાનનો ઉદ્દેશ છે.

અન્ય લોક આંદોલનો, નાગરિક સમાજ સંગઠનો આ દિશાનિર્દેશો જાગૃતિ ફેલાવવામાં તથા તેને અપનાવવાની હિમાયત કરવામાં સહયોગી બનશે તેવી આવાસ અને જમીન અધિકાર સંગઠન તથા સામાજિક ન્યાય કેન્દ્રને આશા છે.

અભિયાન અંગે વિસ્તૃત જાણકારી માટે સંપર્ક કરો :

આવાસ અને ભૂમિ અધિકાર સંગઠન (હાઉસિંગ અને લેન્ડ રાઇટ્સ નેટવર્ક)
જી ૧૮/૧-નિજામુદ્દીન પૂર્વ, લોઅર ગ્રાઉન્ડ ફ્લોર, નવી દિલ્હી-૧૧૦૦૧૩
ફોનઃ +૯૧ (૦) ૧૧ ૨૪૩૫૯૫૮૩
ફેક્સ : +૯૧ (૦) ૧૧ ૨૪૩૫૮૪૯૨
ઈમેલ : info@hic-sarp.org

સામાજિક ન્યાય કેન્દ્ર

સી-૧૦૫, રોયલ ચિન્મય, ઓફ જજીસ બંગલો રોડ, બોડકદેવ, અમદાવાદ - ૩૮૦૦૧૫
ફોન : +૯૧ (૦૭૯) ૨૬૮૫ ૪૨૪૮ ● ઈમેલ : socjust@gmail.com

ગુજરાતી આવૃત્તિ— ડિસેમ્બર ૨૦૧૨

---

માત્ર અંગત વિતરણ અને શૈક્ષણિક હેતુસર

# વિકાસ આધારિત હકાલપટ્ટી અને વિસ્થાપન પર સંયુક્ત રાષ્ટ્રના મૂળ સિદ્ધાંત અને દિશાનિર્દેશ

આવાસ અને ભૂમિ અધિકાર સંગઠન
(હાઉસિંગ ઍન્ડ લૅન્ડ રાઈટ્સ નેટવર્ક)

સામાજિક ન્યાય કેન્દ્ર

# અનુક્રમ


| | |
|---|---|
| પરિચય | ૩ |
| સારાંશ | ૧૪ |
| દિશાનિર્દેશોનું સવિસ્તાર વિવરણ | ૨૪ |
| ગુજરાત હાઈકોર્ટના કેસો | ૪૯ |
| પરિશિષ્ટ | ૬૨ |

## પરિચય

**યોગ્ય રહેઠાણનો અધિકાર એ એક માનવ અધિકાર છે.**

વિશ્વના મોટા ભાગના લોકો કોઈ ને કોઈ પ્રકારના વસવાટમાં પોતાનું જીવન ગુજારે છે. પણ સત્ય તો એ છે કે વિશ્વની અડધોઅડધ વસ્તીને યોગ્ય નિવાસ માટેની પાયાની સુવિધાઓ ઉપલબ્ધ નથી. આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર કાનૂન અને તેના અર્થઘટનમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે માત્ર ચાર દીવાલો અને એક છતના ખોખાને યોગ્ય આવાસ ન કહી શકાય. આવાસ તો એક વ્યાપક અવધારણા છે કે જેમાં ભૌતિક અને અભૌતિક તત્ત્વો સમાવિષ્ટ છે કે જે સુરક્ષિત અને યોગ્ય આવાસ માટે જરૂરી હોય છે. આવાસ માત્ર ઈચ્છનીય લક્ષ્ય જ નથી, પણ તમામ મનુષ્યો માટેનો એક માનવઅધિકાર છે. ૧૯૪૮ના સાર્વભૌમ માનવઅધિકારના ઘોષણાપત્રમાં એ બાબત પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે કે યોગ્ય આવાસનો અધિકાર એ યોગ્ય જીવનસ્તરના અધિકારને નિશ્ચિત કરવાની પાયાની જરૂરિયાત છે.

યુ.ડી.એચ.આર.ની કલમ ૨૫(૧) મુજબ દરેક મનુષ્યને પોતાના તથા પરિવારના આરોગ્ય તથા એની જાળવણી માટે યોગ્ય જીવન સ્તરના અધિકારનો ઉપયોગ કરવાનો હક છે. જેમાં ભોજન, આવાસ, આરોગ્ય તથા જરૂરી સામાજિક સેવાઓ તથા બેરોજગારી, રોગ, વિકલાંગતા, વૈધવ્ય, ઘડપણ તથા પોતાની ક્ષમતા બહારનાં પરિબળોથી ઉત્પન્ન આજીવિકાના અભાવથી ઊભી થયેલી પરિસ્થિતિમાં સુરક્ષાનો અધિકાર સામેલ છે.

યુ.ડી.એચ.આર.ની જોગવાઈને ધ્યાનમાં રાખીને ૧૯૬૬માં આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક અધિકારોની આંતરરાષ્ટ્રીય શાખા દ્વારા યોગ્ય આવાસના અધિકારનો વિસ્તૃત રીતે ફરીથી સ્વીકાર કરવામાં આવ્યો હતો. તેની કલમ ૧૧(૧) મુજબ : આ સમજૂતીને સમર્થન આપનાર રાજ્યાના દરેક વ્યક્તિ તથા એના કુટુંબ માટે યોગ્ય જીવનસ્તરનો અધિકાર કે જેમાં યોગ્ય ભોજન, કપડાં, સુવિધાયુક્ત રહેઠાણની સ્થિતિ સામેલ છે.

યોગ્ય રહેઠાણ વિશે સંયુક્ત રાષ્ટ્રના વિશેષ પ્રતિનિધિએ યોગ્ય રહેઠાણના માનવ અધિકારની કંઈક આવી વ્યાખ્યા કરી છે- દરેક મહિલા, પુરુષ, યુવાન તથા બાળકને

સુરક્ષિત ઘર અને સમુદાય કે જેમાં એ શાંતિ તથા ગૌરવ અને સન્માન સાથે રહી શકે એ મેળવવાનો હક છે.[૧]

યોગ્ય આવાસનો અધિકાર ગૌરવપૂર્વક જીવન જીવવાના માનવ અધિકારનો એક ભાગ છે, જે ખોરાક, પાણી, રોજગારી, આરોગ્ય, જમીન તેમજ વ્યક્તિગત તથા તેના ઘર-પરિવારની સુરક્ષાના માનવ અધિકાર સાથે જોડાયેલો છે.

ભારત એવા કેટલાય આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સમજૂતીઓનું સમર્થક છે કે જે એને યોગ્ય આવાસના માનવ અધિકારની ગેરંટી અને સુરક્ષા માટે પ્રતિબદ્ધ કરે છે. છતાંય આ મૂળ માનવ અધિકાર મોટા ભાગના ગ્રામીણ અને શહેરી ભારતીયોની પહોંચની બહાર છે.

વર્ષ ૨૦૦૧ની વસ્તીગણતરીના આંકડા મુજબ ભારતની ૨૮.૬ કરોડ શહેરી વસ્તીમાંથી ૨૩ ટકા લોકો ઝૂંપડપટ્ટીઓમાં રહે છે. વાસ્તવિક સંખ્યા કદાચ એનાથી પણ વધુ હોઈ શકે, કારણ કે આ સર્વેક્ષણમાં તો ૬૦૭ શહેરોનો જ સમાવેશ કરવામાં આવ્યો હતો. એમ કહેવું સહેજપણ ખોટું નથી કે ભારતનાં મોટા શહેરોની મોટા ભાગની વસ્તી ઝૂંપડપટ્ટીમાં જ રહે છે અને સરકારી આંકડા મુજબ મુંબઈની ૬૦ ટકા અને દિલ્હીની ૫૦ ટકા વસ્તી ઝૂંપડપટ્ટીમાં રહે છે. જો આ ગણતરીમાં સાવ નિમ્ન કહી શકાય એવા આવાસમાં રહેનાર લોકોનો પણ સમાવેશ કરવામાં આવે તો આ સંખ્યા વધી જાય. એનો મતલબ એ છે કે દેશની શહેરી વસ્તીનો એક મોટો ભાગ યોગ્ય આવાસ તથા એની સાથે સંકળાયેલી પાયાની સુવિધાઓથી વંચિત છે.

દસમી પંચવર્ષીય યોજના પૂરી થઈ ત્યાં સુધી શહેરોમાં ૨૫.૭ કરોડ રહેઠાણના એકમોની કમી વરતાતી હતી. અગિયારમી યોજના (૨૦૦૭-૧૨)ના સમયગાળા દરમિયાન આ કમી ૨૬.૫૩ કરોડ જેટલી હતી.[૨] રહેઠાણની કમી અનુભવનાર લોકોમાંથી ૯૯ ટકા લોકો આર્થિક રીતે વંચિત તથા લઘુમતી સમુદાયના છે. આ હકીકત પરિસ્થિતિને વધુ ગંભીર બનાવે છે.[૩] ૨૦૦૭-૧૨ દરમિયાન કુલ શહેરી આવાસની કમી ૪૭.૪૩ કરોડની અંદાજિત આંકવામાં આવી છે. જેમાં ગરીબીરેખા નીચેના ૯૦ ટકા કુટુંબો પ્રભાવિત થશે.[૪]

## ભારતીય બંધારણ અંતર્ગત યોગ્ય આવાસ અંગેના માનવ અધિકારની સુરક્ષા

ભારતનું બંધારણ સ્વતંત્રતા, બંધુતા, સમાનતા અને ન્યાયના સિદ્ધાંત પર આધારિત છે. જોકે યોગ્ય આવાસના અધિકાર વિશે મૂળભૂત અધિકારોમાં કોઈ સ્પષ્ટતા કરવામાં નથી આવી. છતાંય એનો બંધારણમાં આપેલા અન્ય મૂળભૂત અધિકારો અને માર્ગદર્શક સિદ્ધાંતોમાં ખાસ સમાવેશ કરવામાં આવ્યો છે.

ભારતની સુપ્રીમકોર્ટે મહત્ત્વપૂર્ણ રીતે યોગ્ય આવાસના અધિકારને ભારતીય બંધારણની કલમ ૨૧ હેઠળ જીવનના અધિકાર અંતર્ગત બુનિયાદી માનવ અધિકાર તરીકે માન્યતા આપી છે. આ કલમ હેઠળ કોઈ પણ વ્યક્તિને જ્યાં સુધી કાનૂની જોગવાઇ હેઠળ યોગ્ય ન ઠરાવવામાં આવે ત્યાં સુધી એના જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાથી બેદખલ ન કરી શકાય. કેટલાય મહત્ત્વના અદાલતી નિર્ણયોમાં કલમ ૨૧ અંતર્ગત જીવનનો અધિકાર અને યોગ્ય આવાસના અધિકાર વચ્ચેના સંબંધને સ્પષ્ટતા સાથે જોડવામાં આવ્યો છે.[૫]

ભારતીય બંધારણ દ્વારા આપવામાં આવેલા કેટલાય મૂળભૂત અધિકારો આ પ્રમાણે છેઃ

- કાયદા સમક્ષ સમાનતા – કલમ ૧૪
- ધર્મ, વંશ, જાતિ, લિંગ, જન્મસ્થળના આધારે કોઇ ભેદભાવ ન કરી શકાય – કલમ ૧૫ (૧)
- મહિલાઓ તથા બાળકો માટે સુરક્ષાત્મક ભેદભાવને આધારે ખાસ જોગવાઇ – કલમ ૧૫(૩)
- રાજ્ય અધિકૃત કોઈ પણ નોકરી કે રોજગારીમાં સમાન તક – કલમ ૧૬
- ભારત દેશના કોઈ પણ ભાગમાં અવરજવરની સ્વતંત્રતા – કલમ ૧૯ (૧-ડી)
- ભારત દેશના કોઈ પણ ભાગમાં રહેવાની તથા વસવાટ કરવાની સ્વતંત્રતા – કલમ ૧૯ (૧-ઈ)
- દરેક નાગરિકોને કોઈ પણ વ્યવસાય કરવાની કે કોઈ પણ વ્યવસાય, વેપાર કે ધંધો અપનાવવાની સ્વતંત્રતા – કલમ ૧૯ (૧-જી)
- જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર – કલમ ૨૧

આ તમામ અધિકારો યોગ્ય આવાસ અને જમીનના માનવ અધિકારની ગેરંટી તથા સુરક્ષા સાથે સંકળાયેલા છે.

## આંતરરાષ્ટ્રીય કાયદા અંતર્ગત યોગ્ય આવાસના માનવ અધિકારની સુરક્ષા

કેટલાય આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર કરારમાં કાનૂની રીતે એ દર્શાવ્યું છે કે તમામ રાજ્યો યોગ્ય આવાસના માનવ અધિકાર નિશ્ચિત કરવા માટે જરૂરી પગલાં લેવા વચનબદ્ધ છે. આ આંતરરાષ્ટ્રીય કરારમાં મુખ્યતઃ સાર્વભૌમિક માનવ અધિકાર ઘોષણાપત્ર, આર્થિક સામાજિક તથા સાંસ્કૃતિક અધિકારોની આંતરરાષ્ટ્રીય ઉપસંવ્દા (કલમ ૧૧.૧), બાળ અધિકાર પ્રતિજ્ઞાપત્ર (કલમ-૨૭.૩) મહિલાઓ પ્રત્યેના તમામ પ્રકારના ભેદભાવના બહિષ્કારનું પ્રતિજ્ઞાપત્ર (સીડો)ની કલમ ૧૪.૨ (એચ)માં દર્શાવેલી જોગવાઇ તથા વંશ આધારિત ભેદભાવવિરોધી આંતરરાષ્ટ્રીય પ્રતિજ્ઞાપત્રની કલમ ૫(ઇ)માં દર્શાવેલી જોગવાઈ.

આર્થિક, સામાજિક તથા સાંસ્કૃતિક અધિકારોની આંતરરાષ્ટ્રીય સમજૂતીની કલમ (૧૧.૧)માં દર્શાવેલા યોગ્ય આવાસ અધિકારના વિષયવસ્તુને આર્થિક, સામાજિક તથા સાંસ્કૃતિક અધિકાર સમિતિ (સી.ઈ.એસ.સી.આર.)એ પોતાની સામાન્ય નોંધ (જનરલ કમેન્ટ)-૪માં વ્યાખ્યાયિત કરી છે.[૬] એ મુજબ આવાસ યોગ્ય નીચે પ્રમાણે મુખ્ય પરિબળો પર આધારિત છે.

- કપરાં સમયગાળાની કાનૂની સુરક્ષા
- સેવાઓની ઉપલબ્ધતા
- પોસાય તેવું (કિંમત કે આર્થિક મૂલ્ય)
- પહોંચ
- વસવાટ માટેની યોગ્યતા
- યોગ્ય સ્થાન
- સાંસ્કૃતિક અનુકૂળતા

યોગ્યતા કે ઉપલબ્ધતાના આ પરિબળોને નાગરિક સમાજ સંસ્થાઓ તથા યોગ્ય આવાસ અંગે સંયુક્ત રાષ્ટ્રના ખાસ પ્રતિનિધિએ વિસ્તૃત કરી એમાં ભૌતિક સુરક્ષા, ભાગીદારી તથા જાણકારી, જમીન, જળ તથા પ્રાકૃતિક સંસાધનો સુધીની પહોંચ, બેદખલી (વિસ્થાપન)માંથી મુક્તિ, નુકસાની કે વિનાશમાં રક્ષણ, પુનર્વસન અને પુનર્સ્થાપન, વળતર, અવરોધ વિના ફરી પ્રવેશની છુટ, પ્રતિકાર આધારિત સુવિધાઓ સુધીની પહોંચ, શિક્ષણ તથા સશક્તીકરણ, મહિલાઓને હિંસામાંથી મુક્તિનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે.[૭]

## હકાલપટ્ટી તથા બળપૂર્વક વિસ્થાપન એટલે જમીન તથા યોગ્ય આવાસના માનવઅધિકારનું હનન

સી.ઇ.એસ.સી.આર. દ્વારા ૧૯૯૭માં સ્વીકારેલી સામાન્ય ટિપ્પણી (૭)માં જબરદસ્તી બેદખલીની આવી પરિભાષા આપવામાં આવી છે- "વ્યક્તિઓ, કુટુંબો તથા સમુદાયને એમની મરજી વિરુદ્ધ એ જમીન કે ઘર કે જેના પર એમનો કબજો હોય કે જેના માટે યોગ્ય કાનૂની તથા અન્ય કોઈ સુરક્ષાની જોગવાઈ ન હોય એમને કાયમી કે હંગામી ધોરણે ત્યાંથી હટાવી દેવા."[૮]

આ ઉપરાંત જબરદસ્તી હકાલપટ્ટી યોગ્ય આવાસના માનવ અધિકારનું ઉલ્લંઘન છે જે ઘરવિહોણાપણામાં વધારો કરે છે. આ વિચારનો સંયુક્ત રાષ્ટ્ર માનવઅધિકાર આયોગના પ્રસ્તાવ ૧૯૯૩/૭૭ તથા ૨૦૦૪/૨૮માં ફરીથી ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

સી.ઇ.એસ.સી.આર.ની સામાન્ય નોંધ ક્રમાંક ૭ રાજ્ય સરકારોને પ્રોત્સાહિત કરે છે કે તેઓ "વ્યક્તિગત તથા સંગઠનોના યોગ્ય રક્ષાક્વચના અભાવે કરવામાં આવેલી બળપૂર્વકની હકાલપટ્ટી સામે રક્ષણ આપે અને જરૂરી લાગે તો સજા કરવા માટે કાયદાકીય તથા અન્ય પદ્ધતિઓ નિશ્ચિત કરે."

આમ છતાંય છેલ્લાં કેટલાંક વર્ષોમાં દુનિયાભરમાં જબરદસ્તીથી કરવામાં આવેલા હકાલપટ્ટીનાં કિસ્સાઓ નોંધપાત્ર રીતે વધી રહ્યા છે. એનાં અનેક કારણો છે. ગ્રામીણ તથા શહેરી વિસ્તારમાં નિર્માણ પામી રહેલા વિશાળ બાંધકામ તથા વિકાસના નામે ચાલતી યોજનાઓ, જેમ કે બંધ, ખાણ તથા બંદરો, શહેરી વિસ્તાર તથા એનું નવિનીકરણ, શહેરોનું સૌંદર્યીકરણ, રમતગમતના મોટા કાર્યક્રમો, ઔદ્યોગિક વિકાસ-જેમાં ખેતીની જમીન પરનું દબાણ પણ સામેલ છે. આ પ્રક્રિયાઓને પરિણામે કેટલીય વ્યક્તિઓ તથા સમુદાયોને પોતાનાં ઘરો તથા વસવાટનાં સ્થળોએથી વિસ્થાપિત થવું પડ્યું છે. યોગ્ય પુનર્વસન તથા વળતરને અભાવે આ સમુદાયની આવાસ અને આજીવિકાની સ્થિતિ વધુ ખરાબ બની છે.

જબરદસ્તીથી કરાયેલા વિસ્થાપનને કારણે અન્ય આંતરરાષ્ટ્રીય માનવઅધિકારોનું પણ હનન થાય છે. જેમકે વ્યક્તિની સલામતી તથા આવાસ સુરક્ષાનો માનવઅધિકાર. અન્ય કેટલાક કિસ્સાઓમાં જ્યાં જબરદસ્તી કરાયેલા વિસ્થાપન

સાથે હિંસા જોડાયેલી હોય અને યોગ્ય પ્રક્રિયાઓનો અભાવ હોય ત્યાં આરોગ્ય, ભોજન, જળ, આજીવિકા, શિક્ષણ, ક્રૂરતા તથા અપમાનજનક વ્યવહારથી સ્વતંત્રતા તથા અવરજવરની સ્વાયત્તતા જેવા માનવઅધિકારનું હનન થાય છે.

જબરદસ્તી વિસ્થાપનનું અમલીકરણ કરાવનાર અધિકારીઓ લોકોના કેટલાય અધિકારોનું ઉલ્લંઘન કરે છે. જેમાં ખાસ કરીને ગણોતધારાનો સમયગાળો તથા જબરદસ્તી વિસ્થાપન સામે આઝાદીનો અધિકાર, સાર્વજનિક સાધનો તથા સેવાઓના ઉપયોગ અને ફાયદાઓ સુધી પહોંચ, જાણકારીનું સામર્થ્ય તથા કૌશલ્ય વિકાસ, ભાગીદારી તથા સ્વઅભિવ્યક્તિ, ઉલ્લંઘન તથા નુકસાની સામે યોગ્ય વળતર તથા પુનર્વસનનો અધિકાર તથા ભૌતિક સુરક્ષા અને ગુપ્તતા પર લોકોનો અધિકાર. આંતરરાષ્ટ્રીય કાયદાઓમાં યોગ્ય આવાસ અંગેના માનવઅધિકારમાં આ તમામ બાબતોનો મહત્ત્વપૂર્ણ પરિબળ તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

જબરદસ્તીથી કરાવવામાં આવેલું વિસ્થાપન લોકોને નિરાશ્રિત બનાવી દે છે. એમની પાસે પોતાની આજીવિકા માટેનાં સાધનો તથા કાયદાકીય કે અન્ય સુરક્ષા પ્રાપ્ત કરવાની અસરકારક પદ્ધતિઓ સુધી પહોંચ નથી હોતી. જબરદસ્તી વિસ્થાપનનો ભોગ બનેલા લોકોને શારીરિક તથા માનસિક નુકસાની સહન કરવી પડે છે. જેની ખાસ અસર બાળકો, મહિલાઓ, શોષિતો, લઘુમતી સમુદાયો તથા મૂળનિવાસી તબકાના અન્ય વંચિતોના સમુદાયો પર પડે છે.

હકીકત તો એ છે કે વિસ્થાપન માત્ર ખાસ અને અનિવાર્ય પરિસ્થિતિમાં આંતરરાષ્ટ્રીય માનવઅધિકારના કાયદાનું કડકાઈથી પાલન કરીને જ કરવું જોઈએ.જો કે, રાજયો આ બાબતે દરકાર લેતા નથી હોતા.

## વિકાસ આધારિત બેદખલી તથા વિસ્થાપન અંગે સંયુક્ત રાષ્ટ્રના મૂળ સિદ્ધાંતો તથા દિશાનિર્દેશ

યોગ્ય આવાસ અંગે સંયુક્ત રાષ્ટ્રના વિશેષ પ્રતિનિધિએ જર્મન ફેડરલ ફૉરેન ઑફિસ તથા જર્મન માનવઅધિકાર સંસ્થા સાથે સંયુક્ત રીતે જબરદસ્તીથી કરતા હકાલપટ્ટી અંગે જૂન ૨૦૦૫માં બર્લિનમાં એક આંતરરાષ્ટ્રીય કાર્યશાળાનું આયોજન કર્યું હતું. આ કાર્યશાળાનો ઉદ્દેશ રાજ્યો તથા આંતરરાષ્ટ્રીય સમુદાયો

વચ્ચે જબરદસ્તી હકાલપટ્ટીને સંબોધિત કરતી નીતિઓ તથા કાયદાઓના વિકાસ માટેના દિશાનિર્દેશોમાં સહકાર પ્રાપ્ત કરવાનો હતો. વિકાસ આધારિત બેદખલી અને વિસ્થાપન અંગે સંયુક્ત રાષ્ટ્રના મૂળ સિદ્ધાંતો તથા દિશાનિર્દેશ આ કાર્યશાળા અને એ પછી થનાર વિચાર-વિમર્શનું પરિણામ છે.[૯] જૂન ૨૦૦૭માં યોગ્ય આવાસ અંગે સંયુક્ત રાષ્ટ્રના ખાસ પ્રતિનિધિએ આ દિશાનિર્દેશોને માનવ અધિકાર પરિષદ સમક્ષ પ્રસ્તુત કર્યા, જેણે ઔપચારિક રીતે ડિસેમ્બર ૨૦૦૭માં આ દિશાનિર્દેશોને સ્વીકૃતિ આપી.[૧૦]

## દિશાનિર્દેશ અંગેના વિશિષ્ટ બિંદુ (સોપાન)

૧૯૯૭ પછી સમગ્ર વિશ્વમાંથી એકત્રિત થયેલા અનુભવોના આધારે આ મૂળભૂત સિદ્ધાંતો તથા કાર્યકારી દિશાનિર્દેશોમાં અનેક નવા આદેશ પણ સામેલ કરવામાં આવ્યા છે.

વર્તમાન દિશાનિર્દેશ શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં વિકાસ યોજનાઓને કારણે થનારી બેદખલી તથા એની સાથે સંકળાયેલા વિસ્થાપનના માનવઅધિકારના પ્રશ્નોને સંબોધિત કરે છે. વિકાસ આધારિત આ વિસ્થાપન અંગે સમગ્ર માનવઅધિકાર દિશાનિર્દેશોના વિસ્તૃત વિકાસનું પણ પ્રતિનિધિત્વ કરે છે. આ દિશાનિર્દેશો આંતરરાષ્ટ્રીય માનવઅધિકાર કાનૂન પર આધારિત છે. અને આર્થિક, સામાજિક તથા સાંસ્કૃતિક અધિકાર સમિતિની સામાન્ય ટિપ્પણી ૪(૧૯૯૧) તથા સામાન્ય ટીપ્પણી ૭ (૧૯૯૭) તથા આંતરિક વિસ્થાપનના નિર્દેશક સિદ્ધાંતોને પણ અનુકૂળ છે.

આ દિશાનિર્દેશો મુખ્યત્વે આ મુજબ છેઃ

- દબાણપૂર્વકના કબજાના વ્યવહારની પરિભાષા (કલમ ૪-૮).
- અનિવાર્ય પરિસ્થિતિમાં સંપૂર્ણ ન્યાયસંગત અને પ્રક્રિયાત્મક ખાતરી (કલમ-૨૧) સાથે વિસ્થાપન માટેના કડક માપદંડ.
- રાજ્યો દ્વારા કબજો મેળવ્યા પહેલાં, એ દરમિયાન તથા એના કબજો મેળવ્યા પછી માનવઅધિકાર સુરક્ષા માટે ઉઠાવવાના પગલાંનો વિસ્તૃત ઉલ્લેખ (કલમ ૩૭-૫૮).

- વિસ્થાપન પહેલાં મેળવેલા કબજાને કારણે ઊભી થયેલી એની અસરોનું ઊંડાણથી મૂલ્યાંકન (કલમ-૩૨-૩૩).
- વળતર, પુનઃસ્થાપન તથા યોગ્ય રીતે એમને કબજો પાછો સોંપવો (જે માનવઅધિકારોની જોગવાઈ મુજબ હોય. (કલમ-૪૨,૬૦-૬૩).
- વિસ્થાપનનાં અન્ય કારણો જેમ કે આપત્તિઓ સમયે જોડાયેલી પ્રક્રિયા વિશે યોગ્ય સૂચનો (કલમ-૫૨, ૫૫).
- પ્રતિકૂળ પરિસ્થિતિમાં રહેતા વિસ્થાપિત સમુદાયો માટે યોગ્ય આવાસના અધિકાર મુજબ પુનર્વસનની પ્રક્રિયા કરવી.
- પરત ફરવાનો અધિકાર (કલમ-૬૪-૬૭).
- જમીન તથા આશ્રયથી વંચિત વ્યક્તિઓને વચગાળાની સુરક્ષા પ્રદાન કરવા રાજ્યની જવાબદારીના પાલન અંગે જરૂરી દિશાનિર્દેશ (કલમ ૨૩, ૨૫).
- સશક્ત જેન્ડર (સામાજિક લિંગ આધારિત ) દૃષ્ટિકોણ જેમાં મહિલાઓના માલિકી હકોની સુરક્ષા પણ સામેલ હોય (કલમ ૭, ૧૫, ૨૬, ૨૯, ૩૩, ૩૪, ૩૮, ૩૯, ૪૭, ૫૦, ૫૩, ૫૪, ૫૭, ૫૮).
- બાળકોના યોગ્ય આવાસ અધિકારની સુરક્ષા (કલમ ૨૧, ૩૧, ૩૩, ૪૭, ૫૦, ૫૨, ૫૪, ૫૬).
- વંચિત સમુદાયો તથા જૂથો, જેમાં વિકલાંગ વ્યક્તિઓ, લઘુમતી સમુદાય, ભેદભાવગ્રસ્ત જૂથો તથા વડીલો સામેલ હોય. એમના માનવઅધિકારોની સુરક્ષા અને દબાણપૂર્વકના કબજાની, એમના પર થનારી વિવિધ અસરોનો ઉલ્લેખ. (કલમ ૨૧, ૨૯, ૩૧, ૩૩, ૩૮, ૩૯, ૫૪, ૫૭).
- અન્ય સંબંધિત માનવઅધિકારોની સુરક્ષા :
  - ✦ રોજગારી અને આજીવિકાનો અધિકાર
  - ✦ જમીનનો માનવઅધિકાર (કલમ ૧૬, ૨૨, ૨૫, ૨૬, ૩૦, ૪૩, ૫૬, ૬૦, ૬૧, ૬૩, ૭૧)
  - ✦ ભોજનનો માનવઅધિકાર (કલમ ૫૨,૫૭)
  - ✦ આરોગ્યનો માનવઅધિકાર (કલમ ૧૬,૫૪-૫૭,૬૩,૬૮)
  - ✦ શિક્ષણનો માનવઅધિકાર (કલમ ૧૬,૫૨,૫૭,૬૦,૬૩)
- બિનસરકારી પક્ષોની જવાબદારીનો ઉલ્લેખ (કલમ ૧૧,૭૧-૭૩)

- રાજ્યો માટે જરૂરી દિશાનિર્દેશ કે બજારવાદી પરિબળોને કારણે વંચિત સમુદાયની સલામતી ન જોખમાય કે ન એમને બળજબરીથી વિસ્થાપિત કરાય. (કલમ-૮,૩૦)

## દિશાનિર્દેશોના સંભવિત ઉપયોગ

આ દિશાનિર્દેશનો આશય છે કે શક્ય હોય ત્યાં સુધી ઓછામાં ઓછું વિસ્થાપન થાય અને વિસ્થાપનના અન્ય વિકલ્પો શોધાય. જે પરિસ્થિતિમાં વિસ્થાપનનો અન્ય કોઈ વિકલ્પ ન હોય અને તે ખાળી શકાય તેમ ન હોય ત્યારે દિશાનિર્દેશમાં સમાવાયેલા વિશેષ માનવઅધિકારોનું દરેક વખતે કોઈ પણ સંજોગોમાં પાલન કરવું જરૂરી છે.

આ દિશાનિર્દેશોનો વિવિધ સ્તરે ઉપયોગ કરી શકાય છે.

- વિસ્થાપન, પાછી સોંપણી કે પુનર્વસન માટે જવાબદાર તમામ પક્ષો સાથે સંબંધિત પ્રક્રિયાઓને બહેતર બનાવવા માટે ઉપયોગ કરી શકાય. જેમ કે, સ્થાનિક અધિકારીઓ, નગરપાલિકાના કર્મચારી, વેપારી સંસ્થાઓના પ્રતિનિધિઓ, કાયદાનું પાલન કરાવનાર સંસ્થાઓ તથા પોલીસ તરીકે કાર્યરત વ્યકિતઓને જાણકારી આપી શકાય. આમ કરવાથી એમના સંચાલનમાં માનવઅધિકાર માપદંડો સામેલ છે અને એનું કોઈ પણ સ્તરે હનન થતું નથી તેનો ખ્યાલ રાખી શકાશે.
- વિસ્થાપિત વ્યક્તિઓ, વિસ્થાપિત થવાને આરે હોય તેવા સમુદાયો તથા એમના હિત માટે કાર્યરત નાગરિક સંગઠનોમાં જાગૃતિ માટે ઉપયોગ કરી શકાય. જ્યારે અસરગ્રસ્ત વ્યક્તિ પોતાના માનવઅધિકાર તથા જે તે વહીવટીય સંસ્થાની જવાબદારીઓ વિશે માહિતગાર થાય છે ત્યારે એ પોતાના અધિકારોની માગ તથા એના અમલીકરણ માટે સજાગ રહે છે.
- તમામ સંબંધિત પક્ષો (સરકાર, ખાનગી તથા સાર્વજનિક ક્ષેત્ર વગેરે)નો વહેવાર તથા પ્રક્રિયા અને સરકારના પગલાઓની દેખરેખ માટે ઉપયોગ કરી શકાય. આમ કરવાથી એ નિશ્ચિત થઈ શકે કે વિસ્થાપનમાં રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કાયદાઓનું પાલન કરવામાં આવ્યું છે.
- નીતિઓમાં સુધારા માટે તથા કાયદાઓને અસરકારક બનાવવા માટે પણ ઉપયોગ કરી શકાય. આ દિશાનિર્દેશોને રાષ્ટ્રીય કાયદાઓ, વિકાસ, વિસ્થાપન તથા પુનઃસોંપણી સાથે સંકળાયેલી નીતિઓ અને વહીવટી નિર્ણયોમાં સામેલ

કરી શકાય છે. જેથી અસરગ્રસ્ત લોકોના માનવઅધિકારોની જાળવણી કરે એવી ન્યાયોચિત પ્રક્રિયા થઈ શકે.

- નીતિનિર્ધારકોને સલાહ-સૂચના આપવા માટે કે જેથી એ નિશ્ચિત થઈ શકે કે શહેરી તથા ગ્રામીણ યોજનાઓ સમતોલ અને માનવ અધિકારના માપદંડ મુજબની છે, જેમાં સમાજના વંચિત સમુદાયનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે.
- વિસ્થાપન ઓછું તે માટે તથા યોગ્ય ન્યાયપૂર્ણ પુનઃસોંપણી અને પુનર્વસન લાગુ કરાવવા માટે ઉપયોગ કરી શકાય. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કાયદાઓની વ્યાખ્યા અને તેના અમલીકરણ માટે માટે જવાબદાર સંસ્થાઓને સહયોગ પૂરો પાડવા માટે ઉપયોગ કરી શકાય.
- સરકારી અને બિનસરકારી સંસ્થાઓના જવાબદારીપણામાં વધારો કરવા માટે.
- દબાણપૂર્વકના હકાલપટ્ટીના વિરોધમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય અભિયાન તથા યોગ્ય આવાસ અને જમીનના માનવઅધિકારની ઓળખ ઉભી કરવા, અમલીકરણ અને સુરક્ષાનો પક્ષ લેવા માટે ઉપયોગી થઈ શકે.

## દિશાનિર્દેશો અંગે પુસ્તિકા

આ પુસ્તિકાઓ ઉદ્દેશ વાચકોને એ દિશાનિર્દેશોનો પરિચય કરાવવાનો છે કે જેનો ઉપયોગ તેઓ દબાણપૂર્વક કરાતી હકાલપટ્ટીને રોકવા માટે એક અસરકારક હથિયાર તરીકે કરી શકે. આ દિશાનિર્દેશોની માહિતીથી કોઈ પણ પરિસ્થિતિમાં દબાણપૂર્વકના વિસ્થાપન વખતે એ ચકાસી શકાશે કે આ કાર્ય વખતે તમામ કાયદાકીય પ્રક્રિયાનું પાલન થયું છે. વિસ્થાપનની સાથે બદલામાં માનવઅધિકાર માપદંડ પુનઃસોંપણી કે પુનર્વસનનાં યોગ્ય પગલાં લેવામાં આવ્યા છે.

આ પુસ્તિકામાં દિશાનિર્દેશોના મુખ્ય કેન્દ્રબિંદુનો સંક્ષિપ્ત સારાંશ અને વિષયવસ્તુની માહિતી આપવામાં આવી છે.

દિશાનિર્દેશો વિશે જાગૃતિ પહોંચાડવા ઉપરાંત એનો એક ઉદ્દેશ એ પણ છે કે વિવિધ પક્ષોને આ દિશાનિર્દેશ અપનાવવા તથા એનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરવા. આ પ્રક્રિયાનું મુખ્ય લક્ષ્ય સ્થાનિક, રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીયસ્તરે માનવઅધિકાર માપદંડો નિર્ધારિત કરવામાં સહકાર પૂરો પાડવાનું છે.

એ આશા રાખવામાં આવે છે કે સંયુક્ત રાષ્ટ્રના આ દિશાનિર્દેશોનું વ્યાપક વિતરણ થશે તથા એનો વિવિધ સ્થાનિક ભાષાઓમાં અનુવાદ પણ થશે. સંબંધિત અધિકારીઓ દ્વારા એનો ઉપયોગ થશે તથા નીતિ અને કાયદામાં એનો સમાવેશ કરવામાં આવશે. આશા પરિપૂર્ણ થશે તો માનવ અધિકારોની ખાસ કરીને યોગ્ય આવાસ, જમીન, રોજગાર, વ્યક્તિ તથા નિવાસની સુરક્ષા અંગેના માનવ અધિકારોનું રક્ષણ, સન્માન અને પૂર્તિ શક્ય બનશે.

# વિકાસ આધારિત હકાલપટ્ટી અને વિસ્થાપન પર સંયુક્ત રાષ્ટ્રના મૂળ સિદ્ધાંત અને દિશાનિર્દેશ

## સારાંશ

## સારાંશ

### વિકાસ આધારિત હકાલપટ્ટી અને વિસ્થાપન પર સંયુક્ત રાષ્ટ્રના મૂળ સિદ્ધાંત અને દિશાનિર્દેશ

આ સારાંશમાં દિશાનિર્દેશના દરેક વિભાગમાં આપેલ મુખ્યબિંદુ તથા સિદ્ધાંત પર પ્રકાશ પાડવામાં આવ્યો છે, જેથી વાચકોની એક સામાન્ય સમજ બને. ત્યારબાદ દિશાનિર્દેશોની વિગતવાર માહિતી આપવામાં આવી છે.

### ૧. કાર્યક્ષેત્ર અને સ્વરૂપ (કલમ ૧-૧૦)

લોકોને દબાણપૂર્વક પોતાની જમીન તથા આવાસમાંથી ન હટાવવા અને એમને સુરક્ષિત રાખવાની રાજકીય જવાબદારી અંગે અનેક આંતરરાષ્ટ્રીય કાયદાઓમાં ઉલ્લેખ છે. જેનાથી યોગ્ય આવાસ તથા એની સાથે સંકળાયેલ અન્ય માનવઅધિકારોની રક્ષા થાય છે. માનવ અધિકાર વિચારધારાની અખંડતાને અનુકૂળ "કોઈ વ્યક્તિની ગુપ્તતા, પરિવાર, ઘર કે પત્રવ્યવહારમાં મનફાવે તેમ હસ્તક્ષેપ ન કરી શકાય અને દરેક વ્યક્તિને આ પ્રકારના હસ્તક્ષેપ કે આક્રમણથી પોતાની જાતને સુરક્ષિત રાખવાનો કાનૂની અધિકાર છે."

વર્તમાન દિશાનિર્દેશ શહેરી તથા ગ્રામીણ વિસ્તારોમાં વિકાસ આધારિત દબાણપૂર્વકના કબજા તથા વિસ્થાપનના માનવઅધિકારની અસરોને સંબોધે છે. આંતરરાષ્ટ્રીય માનવઅધિકાર માપદંડના સંદર્ભમાં દબાણપૂર્વકના કબજાની ઉપર્યુક્ત તમામ પરિભાષાઓને ધ્યાનમાં રાખતાં આ દિશાનિર્દેશ એ પ્રક્રિયાઓ તથા ખામીઓ પર લાગુ કરી શકાય છે, જેમાં વ્યક્તિઓ, જૂથો તથા સમુદાયોને બળજબરીથી અથવા એમની મરજી વિરુદ્ધ વિસ્થાપિત કર્યા હોય. આ વિસ્થાપન એ પ્રકારનું હોય કે જ્યાં લોકો પોતાની જમીન, આવાસ કે ટાંચા સાધનો પર જીવનનિર્વાહ કરતા હોય છે અને આ પ્રકારના વિસ્થાપને લોકોને જબરદસ્તીથી એ સ્થળે વસવાટ કરવામાં, ઘર બનાવવામાં કે આજીવિકા મેળવવામાંથી વંચિત કરી દીધા હોય. કોઈ પણ પ્રકારની કાયદાકીય પ્રક્રિયા કે સુરક્ષાની જોગવાઈ વિના

વિસ્થાપન થયું હોય. આંતરરાષ્ટ્રીય કાયદાઓ અંતર્ગત જબરદસ્તી વિસ્થાપન એક એવો મુદ્દો છે કે જેને કાયદાકીય રીતે ગણોત અવધિની સુરક્ષાના અભાવ સાથે જોડવામાં આવે છે. કે જે યોગ્ય આવાસનું એક મહત્ત્વપૂર્ણ અને અભિન્ન અંગ છે.

જબરદસ્તી વિસ્થાપન વિવિધ આંતરરાષ્ટ્રીય માનવઅધિકારોનું ઉલ્લંઘન કરે છે. જેમાં યોગ્ય આવાસ, ભોજન, જળ, આરોગ્ય, શિક્ષણ, રોજગાર, વ્યક્તિની સલામતી, ઘરની સલામતી, ક્રૂરતા અને અમાનવીય તથા અપમાનજનક વ્યવહાર સામે સુરક્ષા તથા અવરજવરની સ્વતંત્રતા જેવા મુદ્દા સામેલ છે. વિસ્થાપન કાયદાકીય રીતે માત્ર અનિવાર્ય પરિસ્થિતિમાં જ થવું જોઈએ અને એ દરમિયાન આંતરરાષ્ટ્રીય માનવઅધિકાર કાયદાઓનું પાલન થવું જોઈએ.

## ૨. સામાન્ય જવાબદારી (કલમ ૧૧-૩૯)

### ક. જવાબદારીનું સ્વરૂપ અને પાલન (કલમ ૧૧-૧૨) :

જબરદસ્તી વિસ્થાપન જુદા જુદા પક્ષો દ્વારા થઈ શકે છે. વિસ્થાપન એ આવા લોકોની માગણી, સૂચન, ભાવિ પરિણામો, સમર્થન કે એમને નજરઅંદાજ કરવાનું પરિણામ હોઈ શકે છે. પરંતુ જે રીતે દિશાનિર્દેશમાં ઉલ્લેખ મુજબ આંતરરાષ્ટ્રીય સામાન્ય કાયદાઓના નિયમો તથા સંધિઓમાં દર્શાવેલા અધિકારોનું સન્માન કરી માનવઅધિકાર અને લોકપેરવીના માપદંડોનું અમલીકરણ નિશ્ચિત કરવાની જવાબદારી રાજયની છે. પણ એનો અર્થ એ નથી કે અન્ય પક્ષ જેવાકે યોજનાના શાસકો તથા કાર્યકર્તાઓ, આંતરરાષ્ટ્રીય આર્થિક કે અન્ય સંસ્થાઓ, વ્યક્તિગત પક્ષ( જેમકે જમીનદાર તથા માલિક) વિસ્થાપનની સાથે સંકળાયેલી તમામ જવાબદારીઓથી મુક્ત થઈ જાય.

### ખ. મૂળ માનવઅધિકાર સિદ્ધાંત (કલમ ૧૩-૨૦):

આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર રાજ્યોની એ જવાબદારી છે કે વંશ, રંગ, ભાષા, ધર્મ કે વિશ્વાસ, રાજકીય કે અન્ય વિચારધારા, રાષ્ટ્રીય, મૂળનિવાસી તથા સામાજિક ગોત્ર, કાયદાકીય કે સામાજિક દરજ્જો, ઉંમર, વિકલાંગતા, સંપત્તિ, જન્મ તથા

અન્ય દરજ્જાના આધારે કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના યોગ્ય આવાસ તથા ગણોતના સમયગાળાની સુરક્ષાના માનવઅધિકાર તથા બળજબરીપૂર્વકના વિસ્થાપનથી લોકોને સલામતી પૂરી પાડે. રાજ્યની એ પણ જવાબદારી છે કે તે મહિલા અને પુરુષ બંનેને બળજબરીપૂર્વકના વિસ્થાપનથી સુરક્ષા પૂરી પાડે અને વર્તમાન દિશાનિર્દેશમાં દર્શાવ્યા મુજબ એમના માટે યોગ્ય આવાસ તથા ગણોત સમયગાળાની સુરક્ષાના માનવઅધિકારો નિશ્ચિત કરે.

**ગ. રાજ્યની જવાબદારીનું અમલીકરણ (કલમ ૨૧-૨૨):**

રાજ્યો એ નિશ્ચિત કરે કે વિસ્થાપન માત્ર અનિવાર્ય સંજોગોમાં જ થાય. આંતરરાષ્ટ્રીય માન્યતાપ્રાપ્ત અધિકારો પર વિસ્થાપનની નકારાત્મક અસરો જોતાં એ જરૂરી છે કે વિસ્થાપન માટે યોગ્ય તથા જરૂરી કારણો રજૂ કરવામાં આવે. કોઈ પણ વિસ્થાપન માટે નીચે આપેલા મુદ્દાઓ જરૂરી છે.

(ક) કાનૂની મંજૂરી (૨) આંતરરાષ્ટ્રીય માનવ અધિકારના કાયદાઓ મુજબની કામગીરી (ગ) સામાન્ય કલ્યાણનો ઉદ્દેશ (ઘ) સમતોલ તથા તર્કસંગત વિસ્થાપન (ચ) સંપૂર્ણ અને ન્યાયપૂર્ણ વળતર તથા યોગ્ય મંજૂરી (છ) વર્તમાન દિશાનિર્દેશો અનુસાર કામગીરી. આ પ્રકારની સુરક્ષા સ્થાનિક કાયદાઓ અંતર્ગત આવાસ કે સંપત્તિઓ અધિકાર હોય કે ન હોય તેવા તમામ અસરગ્રસ્ત સમૂહો અને સમુદાયોને લાગુ પડે છે.

**ઘ. સલામતી માટેની વ્યૂહરચના, યોજના અને કાર્યક્રમ (કલમ-૮-૩૬):**

વ્યક્તિઓ, જૂથો તથા સમુદાયોના બળજબરીપૂર્વકના વિસ્થાપન તથા એની અસરો સામે સલામતી પૂરી પાડવા માટે રાજ્યોએ પોતાનાં સંસાધનોને ધ્યાનમાં રાખી યોગ્ય રણનીતિ, યોજનાઓ તથા કાર્યક્રમો નક્કી કરવાં જોઈએ. રાજ્યોએ આંતરરાષ્ટ્રીય માનવઅધિકારોના માપદંડો સાથે તાલમેલ સાધવા યોગ્ય રણનીતિઓ, યોજનાઓ તથા નીતિઓની વ્યાપક સમીક્ષા કરવી જોઈએ. વિસ્થાપન માટેના કારણરૂપ જમીનની સટ્ટાબાજી તથા ખરીદ-વેચાણને રોકવા તથા એનો નાશ કરવા રાજ્યોએ વિશેષ સલામતીનાં પગલાં લેવાં જોઈએ.

રાજ્યો માટે એ જરૂરી થઈ પડે છે કે તે વિસ્થાપન ઓછું થાય તેવી વ્યૂહરચનાઓને પ્રાથમિકતા આપે. કોઈ પણ વિકાસ આધારિત યોજના કે જેમાં વિસ્થાપન થવાની શક્યતા હોય તો એવી યોજનાની શરૂઆત પહેલાં જ એની તમામ પ્રકારની અસરો અંગે એક સર્વગ્રાહી મૂલ્યાંકન તથા સમીક્ષા કરવામાં આવે. આ મૂલ્યાંકન દ્વારા વિસ્થાપનથી અસર પામનાર વ્યક્તિઓ, જૂથો, સમુદાયોના માનવઅધિકારોની સુરક્ષા તથા બળજબરીપૂર્વકના વિસ્થાપનથી બચવાના ઉપાયો નિશ્ચિત કરવામાં આવે. વિસ્થાપનની અસર આધારિત મૂલ્યાંકન દરમિયાન એ પ્રયાસ કરવામાં આવે કે વિસ્થાપનને કારણે થનાર નુકસાન ઓછામાં ઓછું થાય અને તે માટે નવી વ્યૂહરચના ઘડવામાં આવે. આ મૂલ્યાંકનમાં મહિલાઓ, બાળકો, વૃદ્ધો તથા વંચિત સમુદાયો પર પડનાર વિવિધ અસરોની પણ સમીક્ષા કરવામાં આવે.

### ૩. વિસ્થાપન અગાઉ (કલમ ૩૭-૪૪)

શહેરી કે ગ્રામીણ નિયોજન તથા વિકાસની પ્રક્રિયામાં અસરગ્રસ્ત લોકોની ભાગીદારી તથા નીચ આપેલાં પરિબળોની હાજરી જરૂરી છે.

(ક) વિસ્થાપનથી અસરગ્રસ્ત થનાર એ તમામ લોકોને કાનૂની માહિતી આપવી જોઈએ કે વિસ્થાપન થઈ શકે છે તથા સૂચિત યોજનાઓ અને વિકલ્પો પર જનસુનાવણી પણ કરવામાં આવશે.

(ખ) સંબંધિત અધિકારીઓ દ્વારા મુખ્ય માહિતીનું વિસ્તૃત વિતરણ થવું જોઈએ, જેમાં જમીન કે એ પટ્ટા અંગે, પુનર્વસન યોજના તથા વંચિત સમુદાયની સુરક્ષાને સમાવતી યોજનાઓની પણ માહિતી હોવી જોઈએ.

(ગ) સૂચિત યોજના અંગે સાર્વજનિક સમીક્ષા, સૂચન કે કોઈ આપત્તિ અંગેની રજૂઆત માટે યોગ્ય સમય આપવો જોઈએ.

(ઘ) અસરગ્રસ્ત લોકોને એમના અધિકારો સાથે સંકળાયેલ કાયદાકીય, તક્નિકી તથા અન્ય સલાહની જોગવાઈ તથા તક પૂરી પાડવી જોઈએ.

(ચ) અસરગ્રસ્ત લોકોને તથા એમના વકીલોને વિસ્થાપનના નિર્ણયને પડકારવા કે વૈકલ્પિક સૂચનો તથા વિકાસ આધારિત પોતાની રજૂઆત કે માંગણીઓ માટે જનસુનાવણીની તક મળવી જોઈએ.

રાજ્ય માટે એ જરૂરી છે કે તે વિસ્થાપનના તમામ વિકલ્પો અંગે ગંભીરતાથી વિચારે. તમામ અસરગ્રસ્ત વ્યક્તિઓ તથા સમુદાયો કે જેમાં મહિલાઓ, મૂળનિવાસી તબક્કાના લોકો, વિકલાંગ વ્યક્તિ કે અસરગ્રસ્તો માટે કામ કરતા લોકો સામેલ હોય, એમને યોગ્ય માહિતી મેળવવાનો, પરામર્શ પ્રક્રિયામાં ભાગ લેવાનો તથા અધિકારીઓને વૈકલ્પિક સૂચનો પ્રસ્તુત કરવાનો અધિકાર છે.

વિસ્થાપન સંબંધી તમામ નિર્ણયોની જાણકારી સ્થાનિક ભાષાઓમાં તથા સંબંધિત તમામ લોકો સુધી વહેલામાં વહેલી તકે પહોંચાડવી જોઈએ.

વિસ્થાપનો અર્થ વ્યક્તિઓના માનવઅધિકારોનું હનન કે એમને બેઘર કરવાનો નથી. પુનર્વસનના તમામ પ્રયત્નો થવા જોઈએ. જેવા કે ઘરનું નિર્માણ, વીજળી, પાણી તથા સ્વચ્છતાની સુવિધા, શાળા, રસ્તાઓ, જમીન તથા વિસ્તારની વહેંચણી વિસ્થાપન પહેલાં થઈ જવી જોઈએ.

## ૪. વિસ્થાપન દરમિયાન (કલમ ૪૫-૫૧)

વિસ્થાપનની પ્રક્રિયા વખતે માનવઅધિકાર માપદંડો મુજબ કાર્યવાહી થાય છે કે નહીં એ નિશ્ચિત કરવા માટે સરકારી અધિકારી અથવા એમના પ્રતિનિધિએ સ્થળ પર હાજર રહેવું જરૂરી છે.

વિસ્થાપનની પ્રક્રિયા વખતે અસરગ્રસ્તોનાં સન્માન તથા એમના જીવનની સલામતી અને માનવઅધિકારોનું હનન ન થવું જોઈએ. રાજ્યોએ એ પણ ખાસ ધ્યાન આપવું જોઈએ કે વિસ્થાપન દરમિયાન મહિલાઓ સાથે કોઈ હિંસા ન થાય તથા બાળકોના માનવઅધિકારોનું રક્ષણ થાય.

વિસ્થાપન પ્રતિકૂળ હવામાનમાં, રાત્રિના સમયે, તહેવાર કે ધાર્મિક કાર્યક્રમો સમયે,

ચૂંટણી પહેલાં, પરીક્ષા પહેલાં કે પરીક્ષા દરમિયાન ન થવું જોઈએ. રાજ્યોએ અસરગ્રસ્ત લોકો પર પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે હુમલા કે હિંસાની કોઈ ઘટના ન થાય એવાં પગલાં લેવાં જોઈએ.

## ૫. વિસ્થાપન પછી તાત્કાલિક રાહત અને સ્થળાંતર (કલમ-૫૨-૫૮)

વળતર તથા વૈકલ્પિક આવાસ પૂરા પાડવા માટે જવાબદાર સરકાર કે અન્ય પક્ષોએ વિસ્થાપન પછી તુરંત પોતાનું કામ ઝડપથી શરૂ કરી દેવું જોઈએ.

કોઈ પણ પ્રકારના ભેદભાવ કે પરિસ્થિતિથી પ્રભાવિત થયા વિના સક્ષમ અધિકારી એ નિશ્ચિત કરશે કે વિસ્થાપિત વ્યક્તિ કે સમુદાયને તથા ખાસ કરીને પોતાની સંભાળ જાતે રાખવામાં અસમર્થ હોય તેવા લોકોને નીચે મુજબની સુવિધાઓ ઉપલબ્ધ હોય.

(ક) જરૂરી ખોરાક, પીવાનું સ્વચ્છ પાણી, શૌચાલયની સુવિધા (ખ) કાયમી આશ્રય કે આવાસ (ગ) જરૂરી કપડાં (ઘ) જરૂરી આરોગ્ય સેવાઓ (ચ) રોજગારીના સ્ત્રોત (છ) પશુઓ માટે ઘાસચારો તથા અગાઉના સહિયારા સંસાધનો પરનો અધિકાર (જ) બાળકોની શિક્ષણ તથા દેખરેખની સુવિધા. રાજ્યોએ એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે સંયુક્ત કુટુંબના લોકો વિસ્થાપનને કારણે છૂટા ન પડી જાય.

સ્થળાંતર વખતે નીચે આપેલી બાબતો પર ખાસ ધ્યાન આપવું જોઈએ.

(ક) મહિલાઓ અને બાળકોના આરોગ્ય સાથે સંકળાયેલી જરૂરિયાતો પૂરી થાય- જેમાં મહિલા આરોગ્ય કાર્યકર અને પ્રજનન સેવાઓ ઉપલબ્ધ હોય, જાતીય હિંસા અને અને પીડાનો ભોગ બનેલી મહિલા માટે કાઉન્સિલિંગની સુવિધા ઉપલબ્ધ હોય (ખ) લાંબા સમયના ઈલાજ તથા આરોગ્ય સેવામાં કોઈ અંતરાય ન આવે. (ગ) સ્થળાંતર કરીને ગયા હોય ત્યાં ચેપી રોગ તથા એચ.આઇ.વી. એઇડ્સ જેવા રોગો સામે રક્ષણ આપે એવાં સાધનો ઉપલબ્ધ હોય.

સ્થળાંતરની જગ્યા માનવઅધિકાર કાનૂન મુજબ હોવી જોઈએ તથા એમાં યોગ્ય

આવાસના નીચે આપેલા માપદંડો હોવા જોઈએ.

(૧) ગણોતના સમયગાળાની સુરક્ષા (ખ) જરૂરી સેવાઓ, સામગ્રી તથા પાયાની સુવિધાઓ, જેમ કે પીવાનું ચોખ્ખું પાણી, ઠંડી સામે રક્ષણ, રસોઈ બનાવવા તથા પ્રકાશ માટે ઈંધણ-ઊર્જા, ન્હાવા-ધોવાની સુવિધા, ભોજન એકઠું કરવાની સુવિધા, કચરો નાખવાની તથા સાફ-સફાઈની સુવિધા, કટોકટીના સમયની સુવિધાઓ, પ્રાકૃતિક તથા સહિયારાં સંસાધનો સુધીની પહોંચ (ગ) સસ્તાં રહેઠાણો (ઘ) રહેઠાણ યોગ્ય મકાનો જે એમાં રહેનારની શારીરિક સુરક્ષા ઉપરાંત ઠંડી, ગરમી, વરસાદ, વાવાઝોડાં સામે રક્ષણ આપે તથા આરોગ્ય અને પાયાનાં જોખમો તથા બીમારી સામે રક્ષણ કરે. (ચ) સક્ષમ ન હોય તેવા સમુદાયો માટે સુવિધાજનક (છ) શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીના વિકલ્પો, આરોગ્ય સેવાઓ, શાળા, આંગણવાડી-બાલવાડી કેન્દ્રો તથા અન્ય સામાજિક સ્થળો નજીકમાં હોય (જ) સાંસ્કૃતિક રીતે યોગ્ય આવાસ હોય.

આવાસ સુરક્ષા નિશ્ચિત કરવા માટે યોગ્ય આવાસમાં આટલી સગવડો પૂરી થવી જોઈએ- સલામતી અને ગુપ્તતા, નિર્ણયપ્રક્રિયામાં ભાગીદારી, હિંસાથી મુક્તિ તથા કોઈ પણ મુશ્કેલી સલામતી માટેનાં સાધનો.

## ૬. બળજબરીપૂર્વક વિસ્થાપન (કલમ- ૫૯-૬૮) સામે પ્રતિકાર

બળજબરીપૂર્વકના વિસ્થાપન સામે ઝઝૂમી રહેલી અથવા એનાથી પીડિત વ્યક્તિઓને જે તે સમય મુજબ પ્રતિકાર કરવાનો અધિકાર છે. યોગ્ય વિરોધમાં ન્યાયપૂર્ણ સુનાવણી, કાનૂની સહાય, વકીલ અને પરામર્શ, વાપસી, પુનઃસ્થાપન, પુનર્વસન, વળતર સામેલ છે. આ તમામ વિરોધની કાર્યવાહી આંતરરાષ્ટ્રીય માનવઅધિકાર કાનૂનના ઉલ્લંઘનથી પીડિત લોકોના મુશ્કેલી નિવારણ તથા આંતરરાષ્ટ્રીય લોકોપકારી કાનૂનના ગંભીર ઉલ્લંઘન સાથે સંકળાયેલા સિદ્ધાંતો અને દિશાનિર્દેશો મુજબ થવી જોઈએ.

**(ક) વળતર (કલમ- ૬૦-૬૩) :** દરેક ઉલ્લંઘનની ગંભીરતા અને પરિસ્થિતિ તથા આર્થિક નુકસાનીની સરેરાશનો અંદાજ લગાવી વળતર નક્કી કરવું જોઈએ. કોઈ પણ જમીન, સહિયારી સંપત્તિ કે સંસાધનોના બદલામાં વળતર તરીકે રોકડ રકમ ન ચૂકવવી જોઇએ. જ્યાં જમીન સંપાદિત કરવામાં આવી હોય ત્યાં બેદખલ વ્યક્તિ કે સમુદાયને એ જ ગુણવત્તાવાળી, માપ અને કિંમતની અથવા એનાથી પણ વધુ સારી જમીન આપવી જોઈએ. દરેક વળતરનો લાભ મહિલા અને પુરુષ દરેકને સરખો મળવો જોઈએ.

**(ખ) પુનઃસ્થાપન અને પાછા ફરવું (કલમ ૬૪-૬૭) :** જ્યાં પરત ફરવાની શક્યતા હોય તથા જ્યાં આ દિશાનિર્દેશો મુજબ યોગ્ય પુનર્વસન કરવામાં ન આવ્યું હોય ત્યાં વહીવટી સંસ્થાએ એવા સાધનો તથા પરિસ્થિતિ નક્કી કરવી જોઈએ જેથી લોકો સલામતી અને સન્માન સાથે પોતાના નિવાસ અને રહેઠાણના સ્થળે પુનઃસ્થાપન કરી શકે. આ સુવિધામાં આર્થિક સાધનો પણ સામેલ હોવા જોઈએ.

પરંતુ જ્યાં પરત ફરવાનું કે પુનઃસ્થાપન કે સંપત્તિ ફરી પૂરી પાડવાની શક્યતા ન હોય ત્યાં સરકારે કે વહીવટી સંસ્થાએ બેદખલ અને પીડિત લોકોને યોગ્ય વળતર તથા રોજગારી માટેનાં અન્ય સાધનો ઉપલબ્ધ કરવામાં મદદ કરવી જોઈએ.

**(ગ) પુનર્વસન અને કાયમી નિવાસ :** એ ઇચ્છનીય છે કે તમામ પક્ષો બેદખલ થયેલા લોકોના પરત ફરવાના અધિકારને મહત્ત્વ આપે, પરંતુ કેટલાક કિસ્સામાં એવું શક્ય નથી બનતું. (જેમ કે સાર્વજનિક કલ્યાણ કે હિત માટે અથવા જ્યાં સુરક્ષા, આરોગ્ય અને માનવ અધિકાર માટે એ જરૂરી હોય.) વિકાસને કારણે બેદખલ થયેલા લોકો, જૂથો અને સમુદાયોનું પુનર્વસન જરૂરી બની જાય છે. આવી પરિસ્થિતિમાં પુનર્વસન ન્યાયપૂર્ણ અને સમતાવાદી પ્રક્રિયા તથા આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર કાયદા મુજબ થવું જોઈએ.

## ૭. દેખરેખ, મૂલ્યાંકન તથા પ્રતિક્રિયા (કલમ-૬૯-૭૦)

રાજ્યોએ પોતાના વિસ્તાર તથા વહીવટીય વિસ્તારમાં થનાર વિસ્થાપનની સંખ્યા, સ્વરૂપ તથા એના લાંબાગાળાની અસરો માપવા માટે ગુણાત્મક અને સંખ્યાત્મક મૂલ્યાંકન તથા સક્રિય દેખરેખ રાખવી જોઈએ. આ મૂલ્યાંકન દ્વારા પ્રાપ્ત રિપોર્ટ અને પરિણામોની જાણકારી સંબંધિત આંતરરાષ્ટ્રીય પક્ષો તથા સામાન્ય જનતાને સાર્વજનિક રીતે ઉપલબ્ધ થવી જોઈએ. એનાથી એમાં આપેલી સૂચનોને આધારે શ્રેષ્ઠ પ્રક્રિયાઓ તથા સમસ્યાના સમાધાન સાથે સંકળાયેલા અનુભવો અથવા વિકલ્પો મેળવી શકાય છે.

## ૮. આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને વિશ્વ સમુદાયની ભૂમિકા (કલમ ૭૧-૭૪)

આંતરરાષ્ટ્રીય સમુદાયની એ જવાબદારી છે કે તે આવાસ, સંપત્તિ તથા જમીન અંગેના માનવઅધિકારોની રક્ષા કરે તથા એને પ્રોત્સાહન આપે. આંતરરાષ્ટ્રીય નાણાં, વેપાર, વિકાસ તથા અન્ય સંસ્થાઓ કે જેમાં દાન, દાતા, રાજ્ય તથા એના સભ્યો સામેલ હોય, કે જેમની પાસે આ પ્રકારની સંસ્થાઓમાં મતદાન કરવાનો અધિકાર મળેલ હોય એ તમામે આંતરરાષ્ટ્રીય માનવઅધિકાર કાયદા સંબંધી માપદંડો અંતર્ગત બળજબરીપૂર્વકની બેદખલી (વિસ્થાપન) પર પ્રતિબંધ લગાવવા પર ખાસ ધ્યાન આપવું જોઈએ. બહુરાષ્ટ્રીય નિગમો તથા અન્ય વેપારીસંઘોએ પણ પોતાના કાર્યત્રેક્ષ તથા અસરગ્રસ્ત વિસ્તારોમાં બળજબરીપૂર્વકના વિસ્થાપન પર પ્રતિબંધ મૂકી યોગ્ય આવાસના માનવ અધિકારનું સન્માન કરવું જોઈએ.

# વિકાસ આધારિત હકાલપટ્ટી અને વિસ્થાપન પર સંયુક્ત રાષ્ટ્રના મૂળ સિદ્ધાંત અને દિશાનિર્દેશ

## સંપૂર્ણ વિવરણ

વિકાસ આધારિત હકાલપટ્ટી અને વિસ્થાપન પર
સંયુક્ત રાષ્ટ્રના મૂળ સિદ્ધાંત અને દિશાનિર્દેશ*

## અનુક્રમ


| | | કલમ |
|---|---|---|
| **૧.** | **કાર્યક્ષેત્ર અને સ્વરૂપ** | ૧-૧૦ |
| **૨.** | **સામાન્ય જવાબદારી** | ૧૧-૩૬ |
| | ક. જવાબદારીનું સ્વરૂપ અને એનું પાલન | ૧૧-૧૨ |
| | ખ. મૂળ માનવ અધિકાર સિદ્ધાંત | ૧૩-૨૦ |
| | ગ. રાજ્યની જવાબદારીનું અમલીકરણ | ૨૧-૨૭ |
| | ઘ. પ્રતિકાર (વિરોધ)ની વ્યૂહરચના, યોજના અને કાર્યક્રમ | ૨૮-૩૬ |
| **૩.** | **વિસ્થાપન પહેલાં** | ૩૭-૪૪ |
| **૪.** | **વિસ્થાપન પછી** | ૪૫-૫૧ |
| **૫.** | **વિસ્થાપન પછી : તુરંત રાહત અને સ્થળાંતર** | ૫૨-૫૮ |
| **૬.** | **બળજબરીપૂર્વકના વિસ્થાપન સામે પ્રતિકાર** | ૫૯-૬૮ |
| | ક. વળતર | ૬૦-૬૩ |
| | ખ.પુનઃસ્થાપન તથા વાપસી | ૬૪-૬૭ |
| | ગ.પુનર્વસન અને કાયમી નિવાસ(કાયમી પુનર્વસન) | ૬૮ |
| **૭.** | **દેખરેખ, મૂલ્યાંકન તથા અને પ્રતિક્રિયા** | ૬૯-૭૦ |
| **૮.** | **આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ તથા વિશ્વ સમુદાયની ભૂમિકા** | ૭૧-૭૩ |
| **૯.** | **વ્યાખ્યા** | ૭૪ |


* દિશાનિર્દેશોનું આ સંપૂર્ણ તથા વાસ્તવિક વિવરણ છે. એની રજૂઆત યોગ્ય આવાસ અંગે સંયુક્ત રાષ્ટ્રના ખાસ પ્રતિનિધિ મિલન કોઠારીના રિપોર્ટમાં આપવામાં આવી છે. A/HRC/4/18, February 2007.
ઓનલાઈન ઉપલબ્ધ : http://www2.ohchr.org/english/issues/housing/annual.htm

## ૧. કાર્યક્ષેત્ર અને સ્વરૂપ

૧. જમીન અને આવાસમાંથી બળજબરીપૂર્વકના વિસ્થાપન તથા એની સામે સુરક્ષા પૂરી પાડવાની રાજ્યની જવાબદારી અનેક આંતરરાષ્ટ્રીય કાયદાઓમાં દર્શાવેલી છે, જેનાથી યોગ્ય આવાસ તથા એની સાથે સંકળાયેલા માનવઅધિકારોની રક્ષા થાય છે. એમાં સાર્વભૌમિક માનવઅધિકાર ઘોષણાપત્ર, આર્થિક, સામાજિક તથા સાંસ્કૃતિક અધિકારોની આંતરરાષ્ટ્રીય સમજૂતી (કલમ-૧૧, વિભાગ-૧), બાળઅધિકાર પ્રતિજ્ઞાપત્ર (કલમ ૨૭, વિભાગ-૩), મહિલાઓ સાથનો તમામ પ્રકારના ભેદભાવના બહિષ્કાર અંગેનું પ્રતિજ્ઞાપત્ર (સીડો)ની કલમ-૧૪, વિભાગ-૨(એચ)માં દર્શાવેલ ભેદભાવ વિરોધી જોગવાઈઓ તથા વંશ આધારિત ભેદભાવ વિરોધી આંતરરાષ્ટ્રીય પ્રતિજ્ઞાપત્રના વિભાગ -૫(ઇ)માં દર્શાવેલી જોગવાઈનો સમાવેશ થાય છે.

૨. એની સાથે તથા માનવઅધિકાર વિચારધારાની અખંડતા મુજબ નાગરિક તથા રાજકીય અધિકારોની આંતરરાષ્ટ્રીય ઉપસંપ્દાનો કલમ-૧૭માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ''કોઈ વ્યક્તિની ગુપ્તતા, કુટુંબ, ઘર કે પત્રવ્યવહારમાં મરજી મુજબ કે ગેરકાનૂની હસ્તક્ષેપ કે આક્રમણ સામે પોતાને સુરક્ષિત રાખવાનો કાનૂની અધિકાર છે.'' આ જ પ્રકારની જોગવાઈ બાળઅધિકાર પ્રતિજ્ઞાપત્રની કલમ-૧૬ (વિભાગ-૧)માં દર્શાવેલી છે. અન્ય કેટલાક આંતરરાષ્ટ્રીય કાનૂન કે જેમાં આ સંદર્ભ મળે છે એમાં મુખ્યત્વે- નિરાશ્રિતો (શરણાર્થીઓના દરજ્જાસંબંધી પ્રતિજ્ઞાપત્ર (૧૯૫૧)ની કલમ-૨૧, આંતરરાષ્ટ્રીય મજૂર સંગઠનનું પ્રતિજ્ઞાપત્ર, સંખ્યા-૧૬૯ (સ્વતંત્ર રાષ્ટ્રના મૂળનિવાસી તથા આદિવાસી તબકાઓ સાથે સંબંધિત છે.)ની કલમ-૧૬ (૧૯૮૯), જીનિવા પ્રતિજ્ઞાપત્રની કલમ-૪૯, જે ઓગસ્ટ ૧૯૪૯ના યુદ્ધ દરમિયાન નાગરિકોની સુરક્ષા સાથે સંબંધ ધરાવે છે. (ચોથું જીનિવા પ્રતિજ્ઞાપત્ર)

૩. વર્તમાન દિશાનિર્દેશ શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં વિકાસ આધારિત વિસ્થાપન તથા માનવ અધિકાર અસરોની ચર્ચા કરે છે. આ વિકાસ આધારિત વિસ્થાપન (E/CN.4/sub.2/1997/7,annex) સમગ્ર માનવઅધિકાર દિશાનિર્દેશના વિસ્તૃત વિકાસનું પણ પ્રતિનિધિત્વ કરે છે. આ દિશાનિર્દેશ આંતરરાષ્ટ્રીય માનવઅધિકાર કાયદા પર આધારિત છે અને આર્થિક, સામાજિક તથા સાંસ્કૃતિક અધિકાર સમિતિની સામાન્ય ટિપ્પણી ૪ (૧૯૯૧) તથા સામાન્ય ટિપ્પણી ૭(૧૯૯૭) તથા આંતરિક વિસ્થાપનના નિદેશક સિદ્ધાંતો (E/CN.4/1998/53/add.2)ને અનુકૂળ છે. આ ઉપરાંત આ દિશાનિર્દેશ આંતરરાષ્ટ્રીય માનવઅધિકાર કાયદાનું સમગ્ર ઉલ્લંઘન તથા આંતરરાષ્ટ્રીય લોકોપકારી કાનૂનના ગંભીર હનનથી પીડિત લોકો માટે પ્રતિકાર તથા ક્ષતિપૂર્તિ અધિકારોના મૂળ સિદ્ધાંતો તથા દિશાનિર્દેશો (જેને સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલીના પ્રસ્તાવ ૬૦/૧૪૭)માં સ્વીકારવામાં આવ્યા તથા શરણાર્થી અને વિસ્થાપિત વ્યક્તિઓના આવાસ તથા સંપત્તિ પરત કરવાના સિદ્ધાંતોને અનુકૂળ છે.(E/CN.4/1998/53/add.1)

૪. આંતરરાષ્ટ્રીય માનવઅધિકારના માપદંડોના સંદર્ભમાં બળજબરીપૂર્વક વિસ્થાપનની તમામ યોગ્ય વ્યાખ્યાઆને ધ્યાનમાં રાખતાં આ દિશાનિર્દેશ એ પ્રક્રિયા તથા ખામીઓ પર લાગુ કરી શકાય, જેમાં વ્યક્તિઓ, જૂથો તથા સમુદાયોનું બળજબરીથી અથવા અનિચ્છાએ વિસ્થાપન કરવામાં આવ્યું હોય. આવી પરિસ્થિતિમાં જ્યાં લોકો જેના પર આશ્રિત હોય તે આવાસ, જમીન તથા સહિયારાં સંસાધનોથી વિસ્થાપિત કરવામાં આવ્યા હોય. અને આ વિસ્થાપનને કારણે આ વ્યક્તિઓ, જૂથો તથા સમુદાયને એ ચોક્કસ સ્થળ પર વસવાટ કરવા કે રોજીરોટી કમાવાથી દૂર કર્યા હોય તથા એમનું વિસ્થાપન કોઈ પણ પ્રકારની કાયદાકીય તથા અન્ય સુરક્ષા કે જોગવાઈ પૂરી પાડ્યા વિના કરવામાં આવ્યું હોય.

૫. આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર બળજબરીપૂર્વકનું વિસ્થાપન એક ખાસ મુદ્દો છે જેને કાયદાકીય રીતે ગણોતની સમયસીમાના અભાવ સાથે જોડવામાં આવે છે, અને એ યોગ્ય આવાસના અધિકારનું એક અભિન્ન અંગ છે. બળજબરીપૂર્વકના વિસ્થાપન સાથે લગભગ એ જ પ્રકારની નકારાત્મક અસરો જોડાયેલી છે જેવી મનફાવે તેવા વિસ્થાપનને કારણે પેદા થતી હોય છે. એમાં મોટા પ્રમાણમાં લોકોનું સ્થથાંતર, નિષ્કાસન, નિષ્ક્રમણ, જાતીય શુદ્ધિકરણ તથા ઘર અને જમીન તથા સમુદાયમના લોકોનું બળજબરીપૂર્વકનું અને અનિચ્છનીય વિસ્થાપન કરનારી પ્રક્રિયા સામેલ હોય છે.

૬. બળજબરીપૂર્વક વિસ્થાપન થવાથી આંતરરાષ્ટ્રીય માનવ અધિકારોનું ઉલ્લંઘન થાય છે, જેમાં યોગ્ય આવાસ, ઘરની સુરક્ષા, ક્રૂરતા, અમાનવીય અને અપમાનજનક વ્યવહારથી સુરક્ષા તથા અવરજવરની સ્વતંત્રતા સામેલ છે. વિસ્થાપન માત્ર કાયદાકીય રીતે અને અનિવાર્ય સ્થિતિમાં જ કરવું જોઈએ તથા એ દરમિયાન માનવ અધિકારો અને લોકોપકારી કાનૂનનું પાલન કરવું જોઈએ.

૭. બળજબરીપૂર્વક વિસ્થાપનની અસમાનતા, સામાજિક સંઘર્ષ, ભિન્નતા, ભીડભાડવાદી પ્રક્રિયામાં વધારો કરે છે. એની જોરદાર અસર સામાજિક તથા આર્થિક રીતે નબળા, બિલકુલ ગરીબ અને વંચિત સમુદાય પર પડે છે, ખાસ કરીને મહિલાઓ, બાળકો, મૂળનિવાસી અને લઘુમતી સમુદાય પર.

૮. વર્તમાન દિશાનિર્દેશ અંગે જોઈએ તો વિકાસ આધારિત વિસ્થાપન હંમેશાં સાર્વજનિક હિતના નામે યોજનાબદ્ધ રીતે કરવામાં આવે છે. એમાં એ તમામ વિસ્થાપન સામેલ છે જે વિકાસ અને માળખાગત યોજનાઓ (જેમ કે બંધ, ઔદ્યોગીકરણ તથા ઊર્જા યોજના, ખાણ અને અન્ય ઉદ્યોગો) સાથે સંકળાયેલ છે. અથવા જમીન-સંપાદન, શહેરી નવિનીકરણ, વિસ્તારોનો સુધારો-વધારો, નિવાસ સંરક્ષણ, શહેરી સુંદરતા તથા જમીન સાથે સંકળાયેલ અન્ય કાર્યક્રમોનો જ ભાગ છે. આ ઉપરાંત સંપત્તિ, જમીન વિવાદ તથા હસ્તાંતરણ,

જમીનની સટ્ટેબાજી અને ગેરકાનૂની ખરીદ-વેચાણ, આંતરરાષ્ટ્રીય વેપાર તથા રમતગમતના મોટા કાર્યક્રમો કે પર્યાવરણ સાથે સંકળાયેલ મુદ્દાઓને નામે વિસ્થાપન કરવામાં આવે છે. એમાં આંતરરાષ્ટ્રીય વિકાસ સહયોગના નામે થતા કાર્યક્રમો પણ સામેલ કરવામાં આવે છે.

૯. પર્યાવરણનો વિનાશ કે ક્ષય, સાર્વજનિક તણાવ, પ્રાકૃતિક અને સામુદાયિક દુર્ઘટનાઓ, અશાંતિ કે અરાજકતા, આંતરિક, આંતરરાષ્ટ્રીય કે મિશ્રિત સંઘર્ષ, કટોકટીની પરિસ્થિતિ, ઘરેલૂ હિંસા તથા વિવિધ પારંપરિક અને સાંસ્કૃતિક વહેવારોને કારણે થનાર વિસ્થાપન હંમેશાં યોગ્ય આવાસનો હક, માનવ અધિકારો તથા લોકોપકારી માપદંડોને નજરઅંદાજ કરીને થાય છે. એમાં યોગ્ય આવાસના અધિકારની નજરઅંદાજી પણ સામેલ છે. આવી પરિસ્થિતિમાં અન્ય કેટલીક બાબતોનું ધ્યાન રાખવું ખૂબ જરૂરી બની જાય છે. જેનો આ દિશાનિર્દેશમાં ઉલ્લેખ નથી કરવામાં આવ્યો. આવી પરિસ્થિતિમાં આંતરિક વિસ્થાપનના નિર્દેશક સિદ્ધાંતો, શરણાર્થીઓ તથા વિસ્થાપિતોને આવાસ તથા સંપત્તિની ફાળવણી અને મંજૂરી સંબંધી સિદ્ધાંત તથા આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર કાનૂનના ઘોર ઉલ્લંઘનથી પીડિતોના પ્રતિકાર તથા ક્ષતિપૂર્તિના અધિકાર તથા આંતરરાષ્ટ્રીય લોકોપકારી કાનૂનના ગંભીર ઉલ્લંઘન સાથે સંકળાયેલા મૂળ સિદ્ધાંતો તથા દિશાનિર્દેશોનું પાલન કરવું જોઈએ.

૧૦. બળજબરી વિસ્થાપનના વિભિન્ન સંદર્ભોનો સ્વીકાર કરતાં વર્તમાન દિશાનિર્દેશનું લક્ષ્ય છે કે રાજ્યોને એવી પદ્ધતિઓ અને બાબતોની જાણકારી આપવાનું છે કે જેનાથી વિકાસ આધારિત વિસ્થાપનમાં આંતરરાષ્ટ્રીય માનવ અધિકારના માપદંડોના ઉલ્લંઘનની શક્યતા ઓછી હોય અથવા બળજબરીપૂર્વકનું વિસ્થાપન ન થાય. આ દિશાનિર્દેશોનો ઉદ્દેશ રાજ્યો તથા એના પક્ષોને એવી નીતિઓ, કાયદા, પદ્ધતિ અને સુરક્ષાત્મક ઉપાયો નિર્ધારિત કરવામાં સહકાર પૂરો પાડવાનો છે કે જેથી બળજબરી વિસ્થાપન ન

થાય. સાથે સાથે જરૂરી પરિસ્થિતિઓમાં જે લોકોના માનવ અધિકારોનું હનન થયું હોય એમને પ્રતિકારના અસરકારક ઉપાયો ઉપલબ્ધ કરાવવા.

## ૨. સામાન્ય જવાબદારી

### (ક) જવાબદારીનું સ્વરૂપ અને પાલન

૧૧. બળજબરીપૂર્વકનું વિસ્થાપન જુદા જુદા પક્ષો દ્વારા જુદી જુદી રીતે કરી શકે છે. એમની માંગણી, સૂચનો, પરિણામ, સમર્થન કે એમના પર ધ્યાન ન આપવાનું પરિણામહોઈ શકે છે. આ દિશાનિર્દેશમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે એ મુજબ દરેક રાજ્યની એ જવાબદારી છે કે એ આંતરરાષ્ટ્રીય સાર્વજનિક કાયદાઓના સામાન્ય નિયમો અને સંધિઓમાં સ્થાપિત અધિકારોનું સન્માન કરી માનવ અધિકાર તથા લોકોપકારી માપદંડોનું અમલીકરણ નિશ્ચિત કરે. પરંતુ એનો અર્થ એ નથી કે અન્ય પક્ષો એટલે કે યોજનાના વહીવટી કાર્યકર્તાઓ, આંતરરાષ્ટ્રીય આર્થિક તથા અન્ય સંસ્થાઓ, વ્યક્તિગત પક્ષો જેવા જમીનદારો તથા માલિકો પોતાની જવાબદારીમાંથી મુક્ત થઈ ગયા છે.

૧૨. આંતરરાષ્ટ્રીય કાયદા અંતર્ગત રાજ્યોની જવાબદારી છે કે એ તમામમાનવ અધિકારો તથા મૌલિક સ્વતંત્રતાનું સન્માન, રક્ષા અને જાળવણી કરે. એનો મતલબ એ કે રાજ્ય ઘરેલૂ તથા પોતાના દેશની સીમાની બહાર માનવ અધિકારનું ઉલ્લંઘન નહીં થવા દે. સાથે એ નિશ્ચિત કરશે કે રાજ્ય વહીવટ અને નિયંત્રણ અંતર્ગત કોઈ પણ પક્ષ માનવ અધિકારોનું હનન નહીં કરે, માનવ અધિકારોની રક્ષા માટે સલામતી અને પ્રતિકારના પગલાં ભરશે તથા જેમના હકોનું હનન થયું હોય એમને પૂરો સહકાર આપશે. આ તમામ જવાબદારીઓ સમાંતર રીતે અને નિયમિત રીતે પૂરી કરવાની રહેશે તથા એમાં વધારે કે ઓછું મહત્ત્વપૂર્ણ છે એવું માની કોઈ ભેદભાવ નહીં કરવામાં આવે.

## (ખ) મૂળ માનવ અધિકાર સિદ્ધાંત

૧૩. આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર કાનૂન મુજબ દરેકને યોગ્ય જીવનશૈલી અનુસાર યોગ્ય આવાસનો અધિકાર છે. યોગ્ય આવાસના અધિકારમાં ગુપ્તતા, પરિવાર, ઘર તથા ગણોતની સમયસીમાની સુરક્ષાની સાથે સાથે ગેરકાનૂની અને મનફાવે તેવા હસ્તક્ષેપ સામેની સુરક્ષા પણ સામેલ છે.

૧૪. આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર રાજ્યોની એ જવાબદારી છે કે વંશ, રંગ, ભાષા, ધર્મ કે વિશ્વાસ, રાજકીય કે અન્ય વિચારધારા, રાષ્ટ્રીય, જાતીય તથા સામાજિક મૂળ, કાયદાકીય કે સામાજિક દરજ્જો, ઉંમર, વિકલાંગતા, સંપત્તિ, જન્મ તથા અન્ય હોદ્દાઓને આધારે કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના યોગ્ય આવાસ તથા ગણોતની સમયસીમાની સુરક્ષા માટે માનવ અધિકાર તથા બળજબરીપૂર્વકના વિસ્થાપન સામે બચાવ નિશ્ચિત કરે.

૧૫. રાજ્યોની એ પણ જવાબદારી છે કે એ મહિલા તથા પુરુષ બંનેની બળજબરીપૂર્વકના વિસ્થાપનથી સુરક્ષા કરે સાથે યોગ્ય આવાસ અને ગણોત સમયસીમાની સુરક્ષાનો માનવ અધિકાર પણ નિશ્ચિત કરે જે રીતે વર્તમાન દિશાનિર્દેશમાં દર્શાવ્યા છે.

૧૬. તમામ વ્યક્તિઓ, જૂથો, સમુદાયોને પુનર્વસનનો અધિકાર છે, જેમાં ઉચ્ચસ્તરના સમાન દરજ્જાની વૈકલ્પિક જમીનની વહેંચણી તથા આવાસનો અધિકાર પણ સામેલ છે. રૂહીં યોગ્યતાનો અર્થ પહોંચ, આર્થિક મૂલ્ય, વસવાટ યોગ્ય, ગણોત સમયસીમાની સુરક્ષા, સાંસ્કૃતિક અનુકૂળતા, સ્થળની અનુકૂળતા તથા આરોગ્ય અને શિક્ષણ જેવી જરૂરી સેવાઓની ઉપલબ્ધિ.

૧૭. રાજ્યો દ્વારા એ બાંહેધરી આપવામાં આવે કે બળજબરી વિસ્થાપનનો શિકાર કે એના જોખમ સામે ઝઝૂમી રહેલી વ્યક્તિઓને યોગ્ય અને અસરકારક કાયદા તથા અન્ય પ્રતિકારક સેવાઓ ઉપલબ્ધ થાય.

૧૮. રાજ્યોએ જાણી જોઈને એવા કોઈ પણ વિકાસલક્ષી નિયમને લાગુ ન કરવો જોઈએ કે જેથી બળજબરી વિસ્થાપનની સુરક્ષા સામેના અધિકારનું હનન થાય.

૧૯. રાજ્યોએ એ સ્વીકાર કરવો પડશે કે નિરંકુશ વિસ્થાપન પણ બળજબરીપૂર્વકનું વિસ્થાપન છે, જેના પરિણામે અસરગ્રસ્ત લોકોની મૂળનિવાસી કે જાતીય તથા ધાર્મિક અને વંશીય રચનામાં પરિવર્તન થાય છે.

૨૦. રાજ્યોએ આંતરરાષ્ટ્રીય વિકાસ સહયોગ માટે પોતાની આંતરરાષ્ટ્રીય નીતિઓ અને કાર્યક્રમોમાં માનવ અધિકાર જવાબદારીના પાલન માટે ખાસ ધ્યાન રાખવું જોઈએ.

## (ગ) રાજ્યની જવાબદારી અને કામગીરી

૨૧. રાજ્યો એ નિશ્ચિત કરે કે વિસ્થાપન માત્ર અનિવાર્ય સંજોગોમાં જ થાય. આંતરરાષ્ટ્રીય માન્યતાપ્રાપ્ત અધિકારો પર વિસ્થાપનની નકારાત્મક અસરો જોતાં એ જરૂરી છે કે વિસ્થાપન માટે યોગ્ય તથા જરૂરી કારણો રજૂ કરવામાં આવે. કોઈ પણ વિસ્થાપન માટે નીચે આપેલા મુદ્દાઓ જરૂરી છે. (ક) કાનૂની મંજૂરી (૨) આંતરરાષ્ટ્રીય માનવ અધિકારના કાયદાઓ મુજબની કામગીરી (ગ) સામાન્ય કલ્યાણનો ઉદ્દેશ (ઘ) સમતોલ તથા તર્કસંગત વિસ્થાપન (ચ) સંપૂર્ણ એને ન્યાયપૂર્ણ વળતર તથા યોગ્ય મંજૂરી (છ) વર્તમાન દિશાનિર્દેશો અનુસાર કામગીરી. આ પ્રકારની સુરક્ષા તમામ અસરગ્રસ્ત સમૂહો અને સમુદાયોને કે જેમને સ્થાનિક કાયદાઓ અંતર્ગત આવાસ કે સંપત્તિઓ અધિકાર હોય કે ન હોય તોય લાગુ પડે છે.

૨૨. રાજ્યે એવા કાયદા અને નીતિઓ બનાવવી જોઈએ કે જે તમામ વિસ્થાપનો પર પ્રતિબંધ લગાવે, જે એના આંતરરાષ્ટ્રીય માનવ અધિકારો મુજબ ન હોય. શક્ય હોય ત્યાં સુધી રાજ્યે એવા આવાસ અને જમીન સંપાદન કે કબજો મેળવવાથી બચવું જોઈએ જેમાં માનવ અધિકારોનું ઉલ્લંઘન થવાની શક્યતા હોય. ઉદાહરણ તરીકે ગરીબ, નબળા અને વંચિત વ્યક્તિઓ, જૂથો અને સમુદાયોના હિત માટે કરવામાં આવેલ વિસ્થાપન કે જેનો ઉદ્દેશ જમીન સુધારણા કે એનું પુનર્વિતરણ હોય ત્યારે આવું વિસ્થાપન ન્યાયપૂર્ણ ગણાશે. રાજ્યોએ એ તમામ સાર્વજનિક કે ખાનગી પક્ષો કે વ્યક્તિઓ પર દીવાની અને

ફોજદારી કાર્યવાહી કરવી જોઈએ જે એના અધિકાર ક્ષેત્રમાં વિસ્થાપન માટે જવાબદાર હોય. જે વિસ્થાપન આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર માપદંડ અનુસાર ન થયું હોય. રાજ્યોની એ પણ જવાબદારી છે કે બળજબરીપૂર્વક વિસ્થાપિનથી અસરગ્રસ્તો, અસુરક્ષિત અને સલામતી ઈચ્છતા વ્યક્તિઓને યોગ્ય પ્રતિકાર અને કાયદાકીય સહયોગ ઉપલબ્ધ થાય.

૨૩. રાજ્યોએ પોતાનાં સંસાધનો મુજબ એવાં પગલાં લેવાં જોઈએ કે જેનાથી યોગ્ય આવાસ તમામ લોકોને સમાનતાના ધોરણે પ્રાપ્તે થઈ શકે. રાજ્યોની એ જવાબદારી છે કે એ વ્યક્તિઓ, જૂથો, સમુદાયો ને માનવ અધિકાર માપદંડથી વિરુદ્ધના વિસ્થાપન સામે સુરક્ષા પૂરી પાડવા માટે તાત્કાલિક ધોરણે કાયદા તથા નીતિઓ બનાવે.

૨૪. રાજ્યોએ પોતાના તમામ રાષ્ટ્રીય કાયદાઓની વ્યાપક સમીક્ષા કરવી જોઈએ કે જેથી આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર માપદંડ સાથે એ સુસંગત થઈ શકે. એનાથી એ નિશ્ચિત થઈ શકશે કે યોગ્ય આવાસનો માનવ અધિકાર તમામને કોઈ પણ ભેદભાવ (કાનૂની કે અન્ય ભેદભાવ) વિના ઉપલબ્ધ કરવામાં આવે છે. આ સમીક્ષા કે મૂલ્યાંકન દ્વારા એ પણ નિશ્ચિત થવું જોઈએ કે વર્તમાન કાયદા, નિયંત્રણ તથા નીતિઓ, સાર્વજનિક સેવાઓનું ખાનગીકરણ, ઉત્તરાધિકાર તથા સાંસ્કૃતિક પ્રતિક્રિયા મુજબ હોય જે બળજબરીપૂર્વકના વિસ્થાપન સ્વરૂપે ન પરિણમે.

૨૫. બળજબરીપૂર્વકના વિસ્થાપનથી પોતાના અધિકાર ક્ષેત્રમાં વસવાટ કરનાર દરેક નાગરિકને સર્વાધિક કાયદાકીય સુરક્ષા પૂરી પાડવી એ રાજ્યની જવાબદારી છે. એ માટે એ વ્યક્તિઓ, કુટુંબો, સમુદાયો કે જેમની પાસે ઔપચારિક રીતે આવાસ તથા જમીન નથી તેમને કાયદાકીય રીતે ગણોત સમયસીમાની સુરક્ષા પૂરી પાડવા માટે તાત્કાલિક ધોરણે પગલાં લેવાં જોઈએ.

૨૬. રાજ્યે એ નિશ્ચિત કરવું પડશે કે મહિલા અને પુરુષ બંનેને યોગ્ય આવાસનો અધિકાર સમાન રીતે મળે. એ માટે રાજ્યોએ બળજબરીપૂર્વકના વિસ્થાપન

સામે મહિલાઓને સુરક્ષા પૂરી પાડવા ખાસ પગલાં લેવાં જોઈશે. આ પ્રયાસમાં એ નિશ્ચિત કરવું પડશે કે આવાસ તથા જમીનના પટ્ટાઓ મહિલાના નામે હોય.

૨૭. રાજ્યોએ નિશ્ચિત કરવું પડશે કે એના તમામ આંતરરાષ્ટ્રીય સંબંધો, જેમ કે વેપાર અને રોકાણ, બહુપક્ષીય મંચો તથા સંગઠનોમાં વિકાસ સહાયતા અને ભાગીદારી અને માનવ અધિકાર માપદંડ, તમામને બંધનકર્તા કરવામાં આવે. રાજ્યોને દાતા કે લાભાર્થી તરીકે પોતાના માનવ અધિકાર જવાબદારીનું અમલીકરણ કરવું પડશે. એમણે એ પણ નિશ્ચિત કરવું પડશે કે જે આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાં એમનું પ્રતિનિધિત્વ છે એમાં તેઓ એવી કોઈ પણ યોજના, કાર્યક્રમ કે નીતિ લાગુ કરવાથી દૂર રહે જેમાં બળજબરીપૂર્વકનું વિસ્થાપન સામેલ હોય. ખાસ કરીને એનું વિસ્થાપન જે આંતરરાષ્ટ્રીય કાયદાઓ મુજબ કે વર્તમાન દિશાનિર્દેશ અનુસાર ન હોય.

**(ચ) નિરોધક વ્યૂહરચના, યોજના અને કાર્યક્રમ**

૨૮. વ્યક્તિઓ, સમૂહ તથા સમુદાયોના બળજબરીપૂર્વકના વિસ્થાપન તથા એની અસર સામે સલામતી નિશ્ચિત કરવા માટે રાજ્યોએ પોતાનાં સંસાધનોને ધ્યાનમાં રાખી યોગ્ય વ્યૂહરચના, યોજના અને કાર્યક્રમો નક્કી કરવાં જોઈએ.

૨૯. રાજ્યોએ આંતરરાષ્ટ્રીય માનવ અધિકારોના માપદંડ સાથે તાલમેલ મિલાવવા યોગ્ય રણનીતિ, યોજના અને નીતિઓનું વિસ્તૃત મૂલ્યાંકન કરવું જોઈએ. એ સંદર્ભે મૂલ્યાંકન પછી એ તમામ જોગવાઈઓ દૂર કરવી જોઈએ જે મહિલાઓ તથા નબળા વર્ગ પ્રત્યેની અસમાનતા અને ભેદભાવને પ્રોત્સાહન આપતી હોય. કાર્યક્રમો તથા નીતિ નિર્ધારણ અને અમલીકરણ ભેદભાવરહિત થાય એ માટે શહેરી અને ગ્રામીણ વંચિત વર્ગોને વધુ ગરીબી તરફ ન ધકેલવા ખાસ પ્રયત્નો કરવા જોઈએ.

૩૦. જમીનની સટ્ટાબાજી તથા ખરીદ-વેચાણ જેવી બળજબરીપૂર્વકની વિસ્થાપન માટે જવાબદાર કારણોને રોકવા તથા એને કાયમી બંધ કરવા માટે રાજ્યો દ્વારા

વિશેષ નિરોધક પગલાં લેવાં જોઈએ. રાજ્યોએ આવાસ તથા એની સાથે સંકળાયેલા ભાડાના બજારોની કાર્યપદ્ધતિ અને નિયંત્રણની સમીક્ષા કરવી જોઈએ અને જરૂર પડે તો હસ્તક્ષેપ પણ કરવો જોઈએ. એનાથી એ નિશ્ચિત થઈ શકશે કે  બજારીકરણને કારણે ઓછી આવક તથા વંચિત સમુદાયો બળજબરીપૂર્વકના વિસ્થાપન સામે વધુ અસુરક્ષિત ન હોય. આવાસ તથા જમીનની કિંમતોમાં વધારો થવાથી રાજ્યોએ નાગરિકોને ભૌતિક તથા આર્થિક દબાણો સામે સુરક્ષા પૂરી પાડવી જોઈએ, જેથી તેઓ યોગ્ય આવાસ અને જમીનથી વંચિત ન રહી જાય.

૩૧. વૃદ્ધો, બાળકો, વિકલાંગ વ્યક્તિઓ તથા અન્ય નબળા વર્ગોને આવાસની વહેંચણીમાં પ્રાથમિકતા આપવી જોઈએ.

૩૨. રાજ્યોએ વિસ્થાપન રોકે અથવા ઓછું કરે એવી વ્યૂહરચનાઓ શોધવી જોઈએ. કોઈ પણ યોજના કે જેમાં વિકાસ આધારિત વિસ્થાપન થવાની શક્યતા હોય ત્યારે એની શરૂઆત પહેલાં જ એક વ્યાપક તથા સમગ્ર પ્રભાવ આધારિત મૂલ્યાંકન કરવું જોઈએ. એનાથી અસર પામનાર લોકો, જૂથો, સમુદાયોના માનવ અધિકારોની રક્ષા તથા વિસ્થાપન સામે એમની સુરક્ષા નિશ્ચિત થઈ શકે. વિસ્થાપનની અસર આધારિત મૂલ્યાંકન દરયિાન નુકસાન ઓછું કરનાર વ્યૂહરચના તથા વિકલ્પો શોધવા વિશે પણ વિચારવું જોઈએ.

૩૩. વિસ્થાપનની અસર આધારિત મૂલ્યાંકનમાં મહિલાઓ, બાળકો, વૃદ્ધો તથા વંચિત સમુદાય પર પડનાર અસરો વિશે પણ વિચારવું જોઈએ. આ મૂલ્યાંકન વિવિધ શ્રેણીના આંકડાઓને આધારે થવું જોઈએ, જેથી વિવિધ અસરો ઓળખી એને સંબોધી શકાય.

૩૪. વિકાસ યોજનાઓની કલ્પના, વહીવટ તથા અમલીકરણ માટે જવાબદાર વ્યાવસાયિક વકીલો, કાયદા નિષ્ણાતો, શહેરી તથા વિસ્તારના યોજનાકારો અને અન્ય અધિકારીઓને આંતરરાષ્ટ્રીય માનવ અધિકારના માપદંડો લાગુ કરવા માટે યોગ્ય તાલીમ આપવી જાઈએ. આ તાલીમમાં મહિલાઓના

વિશેષ અધિકારોની જાણકારી જેમાં આવાસ તથા જમીન સાથે સંકળાયેલા સંબંધો અને જરૂરિયાતો પણ સામેલ હોય, એની પણ તાલીમ આપવી જોઈએ.

૩૫. રાજ્યોએ એ નિશ્ચિત કરવું જોઈએ કે બળજબરી વિસ્થાપન સામે સુરક્ષા સંબંધી તમામ નીતિઓ, કાયદાઓ તથા માનવ અધિકારોની જરૂરી જાણકારી યોગ્ય સમયે, યોગ્ય પદ્ધતિ દ્વારા (અન્ય સાંસ્કૃતિક માધ્યમો) વિસ્થાપિત જેવા અસુરક્ષિત સમૂહો સુધી પહોંચી શકાય છે.

૩૬. રાજ્યોએ એ નિશ્ચિત કરવું જોઈએ કે વ્યક્તિ, જૂથ તથા સમુદાય એ સમયે વિસ્થાપન સામે સુરક્ષિત રહે, જ્યારે એમના કેસની સુનાવણી રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કે સ્થાનિક કાનૂની એકમસમક્ષ વિચારાધીન હોય.

## ૩. વિસ્થાપન પહેલાં

૩૭. શહેરી કે ગ્રામીણ નિયોજન તથા વિકાસની પ્રક્રિયામાં અસરગ્રસ્ત લોકોની ભાગીદારી હોવી જોઈએ. સાથે સાથે નીચે દર્શાવેલ પરિબળોની હાજરી પણ જરૂરી બની રહે છે. (૧) અસર પામનાર તમામ લોકોને કાનૂની જાણકારી આપવી જોઈએ કે વિસ્થાપન થઈ શકે છે. તથા સૂચિત યોજના અને વિકલ્પો અંગે જનસુનાવણી કરવામાં આવશે. (ખ) સંબંધિત અધિકારીઓ દ્વારા મુખ્ય માહિતી કે જાણકારી લોકો સુધી પહોંચાડવી જોઈએ, જેમાં જમીનના પટ્ટાઓ વિશે, પુનર્વસન યોજના તથા વંચિત સમુદાયની સુરક્ષા વિશે ચર્ચા કરનાર યોજનાઓની પણ જાણકારી સામેલ હોય. (ગ) સૂચિત યોજના અંગે સાર્વજનિક સમીક્ષા, ટીકા-ટીપ્પણી તથા વાંધા રજૂ કરવા ઉચિત સમય આપવો. (ઘ) અસર પામનાર લોકોને એમના અધિકારો તથા વિકલ્પો અંગેની કાનૂની, તક્નિકી તથા અન્ય સલાહની જોગવાઈની તક હોય (ચ) અસર પામનાર લોકોને, એમના વકીલોને વિસ્થાપનના નિર્ણયને પડકારવાની, વૈકલ્પિક સલાહની રજૂઆત તથા વિકાસ આધારિત માંગણી અને જરૂરિયાતની રજૂઆત માટે જનસુનાવણીના આયોજનની તક.

૩૮. રાજ્યો વિસ્થાપન અંગેના તમામ વિકલ્પો અંગે વિચારે એ જરૂરી છે. વિસ્થાપનથી અસર પામનાર તમામ વ્યક્તિઓ તથા સમૂહો કે જેમાં મહિલાઓ, મૂળનિવાસી લોકો, વિકલાંગ વ્યક્તિઓ તથા અસર પામનાર લોકો માટે કામ કરનાર પક્ષો સામેલ હોય, એમને યોગ્ય જાણકારી, પરામર્શ તથા પ્રક્રિયામાં ભાગ લેવાનો તથા અધિકારીઓને વૈકલ્પિક સલાહો પ્રસ્તુત કરવાનો અધિકાર છે. પ્રસ્તાવિત વિકલ્પ વિશે સંબંધિત પક્ષોની સહમતી ન સધાય ત્યારે એક સ્વાયત્ત બંધારણીય એકમ જેવા કે ન્યાયાલય, અધિકરણ કે કચેરીઓ દ્વારા મધ્યસ્થતા, ફેંસલો કે સમાધાન કરાવવાનો પ્રયાસ કરવો જોઈએ.

૩૯. યોજના લાગુ કરવાની પ્રક્રિયામાં તમામ પ્રભાવિત વ્યક્તિઓ જેમાં મહિલાઓ, વંચિત તથા અસુરક્ષિત સમુદાય પણ સામેલ હોય ત્યારે એમને વિચાર-વિમર્શ તથા સંવાદ કરવાની સમાન તક ઉપલબ્ધ થવી જોઈએ. પછી ભલે ને એ માટે કોઇ વિશેષ કાર્યપદ્ધતિ કે પગલાં કેમ ન ભરવા પડે.

૪૦. કોઈ પણ વિસ્થાપન પહેલાં શાસન વ્યવસ્થાએ વિસ્થાપન અનિવાર્ય છે અને લોકકલ્યાણ સુરક્ષાના આંતરરાષ્ટ્રીય માનવ અધિકારો પ્રતિબદ્ધતાને અનુકૂળ છે.

૪૧. વિસ્થાપન સંબંધી તમામ જાણકારી સ્થાનિક ભાષામાં તમામ સંબંધિત લોકો સુધી વહેલી તકે પહોંચાડવી જોઈએ. વિસ્થાપન નોટિસમાં આ નિર્ણયનું વિસ્તૃત માહિતી સાથે નીચે આપેલી બાબતોનો પણ ઉલ્લેખ હોવો જોઈએ. (ક) યોગ્ય વિકલ્પનો અભાવ (ખ) સૂચિત વિકલ્પની પૂરી જાણકારી (ગ) જ્યાં વિકલ્પ શક્ય ન હોય ત્યાં વિસ્થાપનની પ્રતિકૂળ અસરો ઓછી કરવા માટે લેવાનાં યોગ્ય પગલાં. તમામ છેલ્લા નિર્ણયની વહિવટીય તથા કાયદાકીય સમીક્ષા કરવી જોઈએ. અસરગ્રસ્ત પક્ષોને સમયસર અને જ્યાં જરૂર હોય ત્યાં મફત કાનૂની સહાય પૂરી પાડવી જોઈએ.

૪૨. વિસ્થાપનની મુખ્ય નોટિસ મળ્યાથી અસર પામનાર લોકોને પોતાની સંપત્તિ, રોકાણ તથા ભૌતિક વસ્તુઓ જેને નુકસાન પહોંચવાની શક્યતા છે એની યાદી

બનાવવાની તક મળવી જોઈએ. વિસ્થાપનથી પીડિતોને પોતાની બિનનાણાકીય નુકસાનીનો અંદાજ કાઢી એનું વળતર નક્કી કરવાની તક પણ મળવી જોઈએ.

૪૩. વિસ્થાપનનો અર્થ એમ નથી કે બેઘર થવાની સાથે સાથે એમના અન્ય માનવ અધિકારોનું પણ હનન થાય. રાજ્યોને પોતાનાં સંસાધનો મુજબ, જે લોકો પોતાની સારસંભાળ રાખવામાં અસમર્થ હોય એમના માટે જરૂરી પગલાં લેવાં જોઈએ. એમાં યોગ્ય આવાસ, પુનર્વસન તથા ફળદ્રુપ જમીનની ફાળવણી પણ કરી શકાય. વિસ્થાપિત લોકો માટે વૈકલ્પિક આવાસ એમના પહેલાંના ઘર તથા રોજગારીનાં સંસાધનો નજીક હોવા જોઈએ.

૪૪. તમામ પુનર્વસન પ્રયત્નો જેવા કે ઘરોનું નિર્માણ, પાણી, વીજળી, શૌચાલય, શાળા, રસ્તાઓ તથા જમીન અને સ્થાનની વહેંચણી વર્તમાન દિશાનિર્દેશો તથા આંતરરાષ્ટ્રીય માનવ અધિકારના સિદ્ધાંતો મુજબ અને વિસ્થાપન પહેલાં થવા જોઈએ.

## ૪. વિસ્થાપન દરમિયાન

૪૫. વિસ્થાપનની પ્રક્રિયા દરમિયાન માનવ અધિકાર માપદંડોનું સન્માન થયું છે એ નિશ્ચિત કરવા સરકારી અધિકારી કે એમના પ્રતિનિધિઓએ વિસ્થાપનના સ્થળે હાજર રહેવું જરૂરી છે. વિસ્થાપનની કામગીરી કરનાર સરકારી અધિકારી, પ્રતિનિધિ તથા અન્ય સંબંધિત વ્યક્તિઓએ પોતાની તપાસ તથા વિસ્થાપનની ઔપચારિક કામગીરીના દસ્તાવેજ અસરગ્રસ્ત પક્ષને બતાવવા પડશે.

૪૬. વિસ્થાપન દરમિયાન આંરરાષ્ટ્રીય માનવ અધિકાર માપદંડોનું પાલન તથા પારદર્શકતા નિશ્ચિત કરવા માટે નિષ્પક્ષ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પ્રેક્ષકોને વિસ્થાપનના સ્થળની મુલાકાત લેવાની પરવાનગી હોવી જોઈએ.

૪૭. વિસ્થાપન પ્રભાવિત લોકોના જીવન તથા સુરક્ષાના માનવ અધિકારો તથા સન્માન જાળવી કરવું જોઈએ. રાજ્યોએ એ પણ ધ્યાન રાખવાનું છે કે વિસ્થાપન દરમિયાન મહિલાઓ સાથે ભેદભાવ કે હિંસા ન થાય તથા બાળકોના માનવ અધિકારો પણ સુરક્ષિત રહે.

૪૮. વિસ્થાપન દરમિયાન બળનો કાનૂની પ્રયોગ, જરૂરિયાત તથા એના નિયમોનું સન્માન કરી કરવો જોઈએ. સાથે સાથે કાયદાનું પાલન કરાવનાર અધિકારીઓનાં દળો અને શસ્ત્રોના ઉપયોગ માટે આંતરરાષ્ટ્રીય કાયદાપાલકો તથા માનવ અધિકાર માપદંડોને ધ્યાનમાં રાખી તથા સ્થાનિક અને રાષ્ટ્રીય આચારસંહિતાનું પણ આવા સમયે પાલન કરવું જોઈએ.

૪૯. વિસ્થાપન પ્રતિકૂળ વાતાવરણ, રાત્રિના સમયે, તહેવાર કે ધાર્મિક પ્રસંગો, ચૂંટણી પહેલાં કે શાળાઓની પરીક્ષા પહેલાં કે પરીક્ષા દરમિયાન ન થવું જોઈએ.

૫૦. રાજ્યોએ એ નિશ્ચિત કરવું પડશે કે વિસ્થાપન દરમિયાન મહિલાઓ કે બાળકો સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે હિંસાના બનાવો ન બને. ઉપરાંત તોડફોડને કારણે કોઈની સંપત્તિ કે સામાન પર ગેરકાનૂની કબજો, જાણી જોઈને કરેલ નુકસાન, ઉપેક્ષા કે સામૂહિક દંડ જેવી ઘટનાઓ ન બને. સ્વેચ્છાએ છોડેલી સંપત્તિ કે સામાનને ગેરકાનૂની કબજો, ઉપયોગ અને લૂંટફાટથી સુરક્ષિત રાખવાની જવાબદારી પણ રાજ્યોની છે.

૫૧. વહીવટીય સંસ્થા કે એનો કોઈ પ્રતિનિધિ કોઈ પણ વિસ્થાપિત વ્યક્તિ કે સમૂહને પોતાનું ઘર કે આવાસને તોડવા માટે મજબૂર ન કરી શકે કે આવું કરવા એના પર કોઈ દબાણ ન લાદી શકે. અસરગ્રસ્તોને એ તક પૂરી પાડવામાં આવે કે તેઓ નિર્માણ-સામગ્રી તથા પોતાના અન્ય સામાનની દેખરેખ અને જાળવણી પોતે કરી શકે.

## ૫. વિસ્થાપન પછી તાત્કાલિક રાહત અને સ્થળાંતર

૫૨. વળતર, વૈકલ્પિક આવાસ તથા વાપસી (જ્યાં શક્ય હોય ત્યાં) ઉપલબ્ધ કરાવવા માટે જવાબદાર સરકાર કે અન્ય પક્ષોએ વિસ્થાપન પછી તુરંત પોતાનું કામ તાત્કાલિક ધોરણે ઝડપથી શરૂ કરી દેવું જોઇએ. આ પ્રક્રિયાનો માત્ર એક જ અપવાદ છે- ફોર્સ મેજર. કોઈ પણ પ્રકારના ભેદભાવ કે પરિસ્થિતિથી પ્રભાવિત થયા વિના સક્ષમ અધિકારી એ નિશ્ચિત કરશે કે વિસ્થાપિત વ્યક્તિ કે સમુદાય ખાસ કરીને પોતાની સંભાળ જાતે રાખવામાં અસમર્થ લોકો પાસે નીચે મુજબની સુવિધાઓ ઉપલબ્ધ હોય. (ક) જરૂરી ખોરાક, પીવાનું સ્વચ્છ પાણી, શૌચાલયની સુવિધા (ખ) કાયમી  આશ્રય કે આવાસ (ગ) જરૂરી કપડાં (ઘ) જરૂરી આરોગ્ય સેવાઓ (ચ) રોજગારીના સ્રોત (છ) પશુઓ માટે ઘાસચારો તથા પહેલાંના સહિયારાં સંસાધનો પર અધિકાર (જ) બાળકોની શિક્ષણ તથા જાળવણીની સુવિધા. રાજ્યોએ એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે સંયુક્ત કુટુંબના લોકો વિસ્થાપનને કારણે છૂટા ન પડી જાય.

૫૩. વિસ્થાપન પછી નિયોજનની તમામ પ્રક્રિયાઓ અને મૂળ સેવાઓ તથા સાધનોની વહેંચણીમાં મહિલાઓની સમાન ભાગીદારી નિશ્ચિત કરવા માટે ખાસ પ્રયાસ કરવા જોઈએ.

૫૪. શારીરિક તથા માનસિક આરોગ્યના માનવ અધિકારની સંપૂર્ણ સુરક્ષા માટે જરૂરી છે કે બીમાર, ઘાયલ તથા વિકલાંગ વિસ્થાપિત વ્યક્તિઓને કોઈ પણ પ્રકારના વિલંબ વિના દાક્તરી સેવા તથા સારસંભાળ પૂરી પાડવામાં આવે અને આ દરમિયાન કોઈ ભેદભાવ ન થાય એનું ધ્યાન રાખવામાં આવે. જ્યાં જરૂરી હોય ત્યાં સામાજિક અને મનોવૈજ્ઞાનિક સેવાઓ પૂરી પાડવી જોઈએ. સ્થળાંતર વખતે નીચે આપેલી બાબતો પર ખાસ ધ્યાન આપવું જોઈએ. (ક) મહિલાઓ તથા બાળકોના આરોગ્ય સાથે જોડાયેલી જરૂરિયાતો પૂરી પાડવામાં આવે, જેમાં મહિલા આરોગ્ય કાર્યકર્તા તથા પ્રજનન સેવાઓની

ઉપલબ્ધતા તથા જાતીય હિંસા અને પીડાથી ગ્રસ્ત મહિલાને કાઉન્સિલિંગ માટેની સેવા ઉપલબ્ધ હોય. (ખ) એ નિશ્ચિત કરવું કે લાંબાગાળાની સારવાર તથા ચિકિત્સામાં અવરોધ ન આવે.(ગ) સ્થળાંતર કરીને ગયા હોય તે સ્થળે ચેપી રોગથી બચવાનાં સાધનો ઉપલબ્ધ હોય, ખાસ કરીને એચ.આઇ.વી. એઈડ્સ જેવી બીમારી સામેની રક્ષા માટે.

૫૫. સ્થળાંતરની જગ્યા માનવ અધિકાર કાનૂન મુજબ હોવી જોઈએ તથા એમાં યોગ્ય આવાસના નીચે મુજબના માપદંડો હોવા જોઇએ. (ક) ગણોતના સમયગાળાની સુરક્ષા (ખ) જરૂરી સેવાઓ, સામગ્રી તથા પાયાની સુવિધાઓ, જેમ કે પીવાનું સ્વચ્છ પાણી, ઠંડી સામે રક્ષણ, રસોઇ બનાવવા માટે તથા પ્રકાશ માટે ઇંધણ-ઊર્જા, ન્હાવા-ધોવાની સુવિધા, ભોજન એકઠું કરવાની સુવિધા, કચરો નાખવાની તથા સાફ-સફાઇની સુવિધા, કટોકટીના સમયની સુવિધાઓ, પ્રાકૃતિક તથા સહિયારાં સંસાધનો સુધીની પહોંચ (ગ) સસ્તાં રહેઠાણો (ઘ) રહેઠાણ યોગ્ય મકાનો જે એમાં રહેનારની શારીરિક સુરક્ષા ઉપરાંત ઠંડી, ગરમી, વરસાદ, વાવાઝોડાં સામે રક્ષણ આપે તથા આરોગ્ય અને પાયાનાં જોખમો તથા બીમારી સામે રક્ષણ કરે. (ચ) સક્ષમ ન હોય તેવા સમુદાયો માટે સુવિધાજનક, (છ) શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીના વિકલ્પો, આરોગ્ય સેવાઓ, શાળા, આંગણવાડી-બાલવાડી કેન્દ્રો તથા અન્ય સામાજિક  સ્થળો નજીકમાં હોય (જ) સાંસ્કૃતિક રીતે યોગ્ય આવાસ હોય. આવાસ સુરક્ષા નિશ્ચિત કરવા માટે યોગ્ય આવાસમાં આટલી જરૂરિયાતો હોવી જોઈએ- સલામતી અને ગુપ્તતા, નિર્ણય-પ્રક્રિયામાં ભાગીદારી, હિંસાથી મુક્તિ તથા કોઈ પણ મુશ્કેલી કે હનન સામે સલામતી માટેનાં સાધનો.

૫૬. પુનર્વસન તથા વર્તમાન દિશાનિર્દેશ વચ્ચે તાલમેલ નક્કી કરવા માટે રાજ્યો દ્વારા એ નિશ્ચિત કરવામાં આવે કે પુનર્વસનની દરેક બાબત નીચે આપેલા માપદંડ અનુસાર હોય.

(ક) કોઈ પણ પુનર્વસન ત્યાં સુધી ન થઈ શકે જ્યાં સુધી વર્તમાન દિશાનિર્દેશ તથા આંતરરાષ્ટ્રીય માનવ અધિકારના સિદ્ધાંત અનુસાર એક સમગ્ર પુનર્વસનની નીતિ નિર્ધારિત કરવામાં ન આવે.

(ખ) પુનર્વસન દરમિયાન એ નિશ્ચિત કરવું જોઈએ કે મહિલાઓ, બાળકો, મૂળનિવાસી તથા અન્ય અસુરક્ષિત સમુદાયોના માનવ અધિકારો કે જેમાં સંપત્તિ તથા સંસાધનો સુધી પહોંચવાનો અધિકાર પણ સામેલ છે એ સુરક્ષિત રહે.

(ગ) પુનર્વસનનો પ્રસ્તાવ મૂકનાર તથા એના અમલીકરણ સંબંધી પક્ષોને પુનર્વસન સાથે સંકળાયેલ તમામ ખર્ચ ઉપાડવો પડશે.

(ઘ) વિસ્થાપનથી પ્રભાવિત કોઈ પણ વ્યક્તિ, સમૂહ કે સમુદાયના માનવ અધિકારોને કોઇ નુકસાન નહીં પહોંચાડવામાં આવે. એમના જીવનધોરણમાં સતત સુધારો કરવાના અધિકાર પર કોઈ અવરોધ નહીં ઊભો કરવામાં આવે. આ જોગવાઈ પુનર્વસન સ્થળે વસતા લોકો ઉપરાંત વિસ્થાપનથી પ્રભાવિત વ્યક્તિઓ, સમૂહો તથા સમુદાય પર પણ લાગુ પડશે.

(ચ) સ્થળાંતર પહેલાં પ્રભાવિત વ્યક્તિઓ, જૂથો અને સમુદાયોની (પુનર્વસન માટે) માહિતી આધારિત સહમતી જરૂરી છે. પુનર્વસન સ્થળે તમામમૂળભૂત સેવાઓ તથા રોજગારીની તકો પૂરી પાડવાની જવાબદારી સરકારની રહેશે.

(છ) એ ખાસ ધ્યાન રાખવામાં આવે કે પુનર્વસન સ્થળે વસતા લોકોમાંથી ઓછી આવક ધરાવતા કુટુંબોને પોતાના કામના સ્થળે આવવા-જવા માટે ભાડામાં વધારે ખર્ચ ન કરવો પડે.

(જ) પુનર્વસન સ્થળ પ્રદૂષિત જમીન કે પ્રદૂષિત વાતાવરણવાળા વિસ્તારની આસપાસ ન હોવું જોઈએ કે જેનાથી ત્યાં વસવાટ કરતા લોકોના

શારીરિક-માનસિક આરોગ્યને કોઈ નુકસાન થાય.

(ઝ) અસરગ્રસ્ત લોકો, જૂથો, સમુદાયોને પુનર્વસન સંબંધી તમામ રાજકીય યોજનાઓ, યોજનાઓ તથા એના અમલીકરણની પ્રક્રિયા તથા વિસ્થાપન કરીને મેળવેલી જમીનના ઉપયોગ તથા એના લાભાર્થીઓ વિશે પૂરી જાણકારી પૂરી પાડવામાં આવશે. એ બાબતનું ખાસ ધ્યાન રાખવામાં આવશે કે આ પ્રક્રિયામાં મૂળનિવાસી તથા લઘુમતી સમુદાય, મહિલાઓ, બાળકો તથા જમીનવિહોણા વર્ગોની સમાન ભાગીદારી નિશ્ચિત કરવી.

(ટ) પુનર્વસનની પ્રક્રિયા અસરગ્રસ્ત લોકો, જૂથો તથા સમુદાયોની સંપૂર્ણ ભાગીદારી સાથે અમલી બનાવવામાં આવશે. સાથે રાજ્ય અસરગ્રસ્ત વ્યક્તિઓ, જૂથો અને સમુદાયો દ્વારા પ્રસ્તાવિત વિકલ્પો પર પણ ધ્યાન આપે એ જરૂરી છે.

(ઠ) ન્યાયપૂર્ણ જનસુનાવણી પૂરી થયા પછી જો એવો નિષ્કર્ષ નીકળે કે પુનર્વસન કરવું જરૂરી છે તથા અસરગ્રસ્ત વ્યક્તિઓ, જૂથો અને સમુદાયોના વિસ્થાપનની તારીખ પહેલાં ઓછામાં ઓછી ૯૦ દિવસની નોટિસ આપવામાં આવશે.

(ડ) પુનર્વસન દરમિયાન સ્થાનિક અધિકારી, તથા નિષ્પક્ષ પ્રેક્ષકોની હાજરી અનિવાર્ય છે જેથી પુનર્વસનની પ્રક્રિયા દરમિયાન બળ, હિંસા કે દબાણનો ઉપયોગ ન થાય.

૫૭. મંજૂરી સાથે જોડાયેલી નીતિઓમાં મહિલાઓ, વંચિતો તથા અસુરક્ષિત સમૂહો માટે વિશેષ કાર્યક્રમો સામેલ કરવા જોઈએ, જેથી તેઓ પોતાનો આવાસ, ભોજન, પાણી, આરોગ્ય, શિક્ષણ, રોજગારીના માનવ અધિકાર તથા વ્યક્તિત્વ અને ઘરની સુરક્ષા કરી શકે અને ક્રૂર અમાનવીય તથા અપમાનજનક વહેવારોથી મુક્ત રહી શકે તથા અવરજવરની સ્વતંત્રતાના હકનો લાભ ઉઠાવી શકે.

૫૮. વિસ્થાપનથી પીડિત વ્યક્તિ, જૂથ, સમુદાયના માનવ અધિકારોને કોઈ નુકસાન ન પહોંચવું જોઈએ તથા એમના યોગ્ય આવાસના અધિકારની પૂર્તિના પ્રયાસો ચાલુ રહેવા જોઈએ. આ જોગવાઈ સ્થળાંતરિત સ્થળે વસતા તમામસમુદાયો પર સમાન રીતે લાગુ પાડવામાં આવશે.

## ૬. બળજબરીપૂર્વકના વિસ્થાપનનો વિરોધ

૫૯. બળજબરી વિસ્થાપન સામે ઝઝૂમી રહેલી અથવા એનાથી પીડિત વ્યક્તિઓને સમયસર પ્રતિકાર કરવાનો અધિકાર છે. યોગ્ય પ્રતિકારમાં ન્યાયપૂર્ણ સુનાવણી, કાનૂની સહાયતા, વકીલો સાથે પરામર્શ, વાપસી, પુનર્સ્થાપન, પુનર્વસન, મંજૂરી તથા વળતરનો સમાવેશ થાય છે. આ તમામ પ્રતિકારોનું પાલન, આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર કાનૂનના ઘોર ઉલ્લંઘનથી પીડિતોના પ્રતિકાર તથા નુકસાનીને સરભર કરવાનો અધિકાર તથા આંતરરાષ્ટ્રીય લોકોપકારી કાયદાઓના ગંભીર ઉલ્લંઘન સાથે સાંકળાયેલા મૂળ સિદ્ધાંત તથા દિશાનિર્દેશો મુજબ થવું જોઈએ.

### (ક) વળતર

૬૦. જ્યારે વિસ્થાપન અનિવાર્ય તથા સામાન્ય કલ્યાણ માટે મહત્ત્વપૂર્ણ હોય ત્યારે રાજ્ય માટે જરૂરી છે કે તે વ્યક્તિઓ, સામાન તથા સંપત્તિને થતા નુકસાન માટે યોગ્ય તથા ન્યાયપૂર્ણ વળતર ચૂકવે, જેમાં સંપત્તિ પરનો અધિકાર તથા વ્યાજનો સમાવેશ થાય છે. વળતર ઉલ્લંઘનની ગંભીરતા તથા પરિસ્થિતિ મુજબ નક્કી કરવું જોઈએ- જેમકે મૃત્યુ કે અંગ-ભંગ, શારીરિક તથા માનસિક યાતના, રોજગાર, શિક્ષણ અને સામાજિક સુવિધાની પ્રાપ્તિની તકોથી વંચિત થવું, કમાણી અને સામાનને નુકસાન તથા આજીવિકાના સામર્થ્યથી વંચિત થવું, નૈતિક ક્ષતિ, તથા કાનૂની અને વ્યાવસાયિક સેવાઓ, આરોગ્ય અને સારવારની સેવાઓ તથા સામાજિક, મનોવૈજ્ઞાનિક સેવાઓ માટે આર્થિક સાધનોની કમી (ઊણપ) થવાથી. કોઈ પણ વળતર સંપત્તિ કે સંસાધનોને

બદલે રોકડ રકમ સ્વરૂપે ન ચૂકવવું જોઈએ. જ્યાં જમીનનું સંપાદન કરવામાં આવ્યું હોય ત્યાં વિસ્થાપિત લોકોને તથા સમુદાયને એ જ ગુણવત્તા, માપ અને કિંમત તથા એનાથી પણ વધુ સારી ગુણવત્તાવાળી જમીનની ફાળવણી કરવી જોઈએ.

૬૧. તમામ વિસ્થાપિત લોકો પાસે સંપત્તિ અધિકારપત્ર હોય કે ન હોય પોતાની સંપત્તિને નુકસાન સામે બચાવ, વાહનવ્યવહાર તથા જમીન અથવા આવાસના નુકસાનના બદલામાં વળતર આપવું જોઈએ. વળતરની રકમતમામ પરિસ્થિતિનો તાગ મેળવી નક્કી કરવી જોઈએ તથા એ શ્રેણીમાં અનૌપચારિક સંપત્તિ જેમ કે ઝૂંપડપટ્ટી પણ સામેલ છે.

૬૨. વળતરનો લાભ મહિલા અને પુરુષ બંનેને સમાન રીતે મળવો જોઈએ. એકલનારી અને વૃદ્ધ મહિલાઓને પણ વળતર મેળવવાનો અધિકાર છે.

૬૩. શક્ય હોય ત્યાં સુધી સ્થળાંતર સહાયતાનું આર્થિક મૂલ્યાંકન કરતી વખતે નુકસાન તથા એની કિંમતનું ધ્યાન રાખવું જોઈએ. ઉદાહરણ તરીકે જમીન કે આવાસનું માળખું કે બંધારણ, ગીરો મૂકેલ રકમ તથા લોન, વચગાળાનો આવાસ, કાનૂની તથા વહીવટીય ખર્ચ, વૈકલ્પિક આવાસ, ખર્ચ તથા વેતનનું નુકસાન, શૈક્ષણિક તકોને નુકસાન, આરોગ્ય તથા દાક્તરી સારવાર, વાહનવ્યવહાર અને પુનર્વસન સાથે સંકળાયેલા ખર્ચ (ખાસ કરીને રોજગારીના સ્રોત ત્યાં નુકસાનની કિંમત તથા અસરો સમયે વ્યવસાયને નુકસાન, સંસાધનો, વેતનના નુકસાનની ભરપાઈ કરવી જોઈએ)

**(ખ) પુનઃસ્થાપન તથા વાપસી**

૬૪. વિકાસ તથા મહત્ત્વની યોજનાઓ સાથે સંકળાયેલા વિસ્થાપનની પરિસ્થિતિમાં ભાગ્યે જ પુનઃસ્થાપન તથા વાપસીની શક્યતા હોય છે. (આમાં ઉપર્યુક્ત વિભાગ-૮)ની વિવરણ મુજબ સામેલ છે) છતાંય રાજ્યોને બળજબરીથી વિસ્થાપનથી પીડિત વ્યક્તિઓ, જૂથો તથા સમુદાયોને

પુનઃસ્થાપન તથા વાપસીના અધિકારને પ્રાથમિકતા આપવી જોઈએ. જોકે આ વ્યક્તિઓ, જૂથો તથા સમુદાયોને પોતાનાં ઘરો, જમીન તથા મૂળ જન્મસ્થળ પર વાપસી માટે બાધ્ય ન કરી શકાય.

૬૫. જ્યાં વાપસી શક્ય હોય ત્યાં આ દિશાનિર્દેશો અનુસાર યોગ્ય પુનર્વસન થયું હોય ત્યાં વહીવટી સંસ્થાએ એવાં સાધનો તથા પરિસ્થિતિનું નિર્માણ કરવું જોઈએ જેમાં લોકો અને સમુદાયોને સુરક્ષા તથા સન્માન સાથે પોતાના રહેણાક વિસ્તારમાં પુનઃસ્થાપન કરી શકવા જોઈએ. આ જવાબદારી નિભાવનાર અધિકારીએ વાપસીની પ્રક્રિયાને નિયોજન તથા વહીવટીય સંસ્થામાં લોકોની ભાગીદાર બનાવવા શક્ય તમામ પ્રયાસો કરવા જોઈએ. સાથે એમણે એવી વ્યવસ્થા કરવી જોઈએ કે પરત ફરનાર લોકો એ માહોલ સાથે ફરીથી હળીમળીને રહી શકે. વાપસી તથા પુનઃસ્થાપનની પ્રક્રિયામાં મહિલાઓની સમાન તથા અસરકારક ભાગીદારી નિશ્ચિત કરવા ખાસ પ્રયાસ કરવો જોઈએ. એનાથી મહિલાઓને દૂર રાખનાર તથા એમની સાથેના ભેદભાવમાં વધારો કરતાં ઘરેલૂ, સામાજિક, માળખાગત, વહીવટીય, કાનૂની તથા સામાજિક લિંગ (જેન્ડર) આધારિત પૂર્વગ્રહો ઓછા કરી શકાય.

૬૬. અધિકારીઓની એ જવાબદારી અને ફરજ છે કે તેઓ પરત ફરનાર લોકો, જૂથો અને સમુદાયોને વિસ્થાપન સમયે રહી ગયેલી સંપત્તિ તથા સામાન પાછો મેળવવામાં શક્ય તમામમદદ કરે.

૬૭. જ્યાં પરત ફરવાની, પુનઃસ્થાપનની કે સંપત્તિ પાછી મળવાની શક્યતા ન હોય ત્યાં જે તે વહીવટી મંડળે વિસ્થાપનના અસરગ્રસ્તોને યોગ્ય વળતર તથા પરત સોંપણી માટેનાં અન્ય સાધનો મેળવવામાં મદદ કરવી જોઈએ.

## (ગ) પુનર્વસન તથા પરત સોંપણી

૬૮. તમામ પક્ષો દ્વારા પરત ફરવાના અધિકારને મહત્ત્વ અપાવું જોઈએ, પરંતુ કેટલીક પરિસ્થિતિઓ એવી પણ હોઈ શકે છે કે (જેમ કે સાર્વજનિક કલ્યાણની સ્થિતિ કે પછી જ્યાં સુરક્ષા, આરોગ્ય તથા માનવ અધિકારની માંગણી હોય)

જેમાં વિકાસ આધારિત વિસ્થાપિત થયેલા લોકો, જૂથો અને સમુદાયોનું પુનર્વસન જરૂરી હોય. આવી પરિસ્થિતિમાં પણ પુનર્વસન ન્યાયપૂર્ણ તથા સમતાવાદી પ્રક્રિયા અને માનવ અધિકાર કાનૂન મજબ થવું જોઈએ. (દિશાનિર્દેશના વિભાગ-૫માં ઉલ્લેખ કર્યો છે એ મુજબ)

## ૭. દેખરેખ, મૂલ્યાંકન તથા અનુવર્તન

૬૯. રાજ્યોએ પોતાના વિસ્તાર તથા વહીવટીય વિસ્તારમાં બળજબરીપૂર્વક થતા વિસ્થાપનની સંખ્યા, સ્વરૂપ તથા એની લાંબાગાળાની અસરો તપાસવા સંખ્યાત્મક તથા ગુણાત્મક મૂલ્યાંકન અને સક્રિય દેખરેખ કરવી જોઈએ. આ મૂલ્યાંકનને આધારે બનેલા રિપોર્ટ તથા પરિણામોની જાણકારી સંબંધિત આંતરરાષ્ટ્રીય પક્ષો અને સામાન્ય જનતાને સાર્વજનિક રીતે ઉપલબ્ધ થવી જોઈએ. જેથી એમાં દર્શાવેલી સૂચનો અને ઉપાયોને આધારે શ્રેષ્ઠ પ્રક્રિયા તથા સમસ્યાના સમાધાન સાથે સંકળાયેલા અનુભવો અને વિકલ્પો વિકસિત કરી શકાય.

૭૦. રાજ્યોએ બળજબરીપૂર્વકના વિસ્થાપનના કેસોમાં આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર કાનૂન તથા આ દિશાનિર્દેશોના પાલનની દેખરેખ તથા તપાસ કરવાની જવાબદારી એક સ્વાયત્ત રાષ્ટ્રીય એકમ જેવી કોઈ માનવ અધિકાર સંસ્થાને સોંપવી જોઈએ.

## ૮. આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને વિશ્વ સંગઠનોની ભૂમિકા

૭૧. આંતરરાષ્ટ્રીય સંગઠનોની એ જવાબદારી છે કે તે આવાસ, સંપત્તિ તથા જમીનના માનવ અધિકારની સુરક્ષા કરે અને એમને પ્રોત્સાહન આપે. આંતરરાષ્ટ્રીય નાણાકીય, વેપાર, વિકાસ તથા અન્ય સંસ્થાઓ જેમાં દાતા, રાજ્યો તથા એમના સભ્યો પણ જોડાયેલા હોય કે જેમની પાસે આવી સંસ્થાઓમાં મતદાન કરવાનો અધિકાર હોય, એમણે માનવ અધિકાર કાનૂન

સંબંધી માપદંડો મુજબ બળજબરીપૂર્વકના વિસ્થાપન પર પ્રતિબંધ લગાવવા પર ખાસ ધ્યાન આપવું જોઈએ.

૭૨. આંતરરાષ્ટ્રીય સંગઠનોએ પોતાની જ પ્રક્રિયા તથા નીતિઓને કારણે થતા બળજબરીપૂર્વકના વિસ્થાપનના કેસોના નિકાલ માટે ફરિયાદની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. આ જોગવાઈ અંતર્ગત પીડિતોને દિશાનિર્દેશ મુજબ કાનૂની સહાય પણ પૂરી પાડવી જોઈએ.

૭૩. બહુરાષ્ટ્રીય નિગમો તથા અન્ય વેપારી સંગઠનોએ પણ પોતાના કાર્યક્ષેત્ર તથા પ્રભાવી વિસ્તારોમાં બળજબરીપૂર્વકના વિસ્થાપન પર પ્રતિબંધ મૂકી યોગ્ય આવાસના માનવ અધિકારનું સન્માન કરવું જોઈએ.

## ૯. વ્યાખ્યા

૭૪. વિકાસ આધારિત વિસ્થાપન સંબંધી આ દિશાનિર્દેશો આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર તથા શરણાર્થી, ફોજદારી અથવા લોકોપકારી કાનૂન તથા સંબંધિત માપદંડો અને પ્રાસંગિક રાષ્ટ્રીય કાનૂન તથા માપદંડો મુજબ આપવામાં આવેલા અધિકારને સીમિત, પરિવર્તિત અથવા એના પર નકારાત્મક અસર ઊભી કરનાર ન સમજવા જોઈએ.

## ગુજરાત હાઈકોર્ટના કેસો

### ૧. અસારવા ખાતેની મે ૧૯૭૬ પહેલાની ઝૂંપડપટ્ટીઓ હટાવવા હાઈકોર્ટનો આદેશ

અસારવા ખાતે વર્ષોથી ઝૂંપડા બાંધીને રહેતાં નાગરિકોના ઝૂંપડા ખાલી કરાવી તેમને વિવાદીત સ્થળથી દૂર કરવાના અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની તા. ૨૦-૮-૧૯૯૮ની નોટીસને પડકારતી અરજીમાં ગુજરાત હાઈકોર્ટે અમદાવાદ મ્યુ. કોર્પો.ની હદમાં આવતી કોઇ પણ સાઇટ ખાતે ૧-૫-૧૯૭૬ પૂર્વેની ઝૂંપડપટ્ટીઓને હટાવવાનું ઠેરવતાની સાથે અરજીનો નિકાલ કર્યો હતો. અરજદાર સકરાભાઇ બુચાભાઇ પણ આ મામલે એ સાબિત કરી શક્યા નહોતા કે તેઓ ૧૯૭૬ પહેલાથી વિવાદીત સ્થળે ઝૂંપડા બાંધી રહેતા હતા, તેથી તેમને પણ ઝૂંપડા ખાલી કરાવી દૂર કરવાનો હુકમકરાયો હતો.

વધુમાં હાઈકોર્ટે નોંધ્યું હતું કે,આ વિવાદીત સ્થળ જો અરજદાર સ્વૈચ્છિક રીતે ૩૦-૯-૨૦૦૧ સુધીમાં ખાલી ન કરે તો કોર્પોરેશન વ્યાજબી રીતે ફોર્સ સાથે સ્થળે પહોંચી ઝૂંપડાઓ દૂર કરી શકે છે.જો કે તેમને આ સાથે જે તમામને દૂર કરવામાં આવે તેમને પ્રતિ માસ રુ ૧૦૦નું વળતર પણ ચુકવવાનું રહેશે.

હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે જે ઝૂંપડાવાસીઓ આ સ્થળે ૧૯૭૬ પૂર્વેથી રહેતા હોય, અને ગાંધીનગર કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીના સભ્ય હોય, તથા ૧૯૭૬ પહેલાના કોર્પોરેશનના સર્વેમાં જેમની નોંધણી થઇ હોય તે તમામને જમીન આપવાની રહેશે. એટલું જ નહીં હાઉસિંગ સોસાયટીએ પણ જે લોકો ૧૯૭૬ પૂર્વેથી રહેતા હશે, તેમની નોંધણી કરી વધુ સભ્યો બનાવવાના રહેશે. જો કે જેઓ યોગ્યતા ધરાવતા હશે તેમને કોર્પોરેશનની યોજનાના નિયમો હેઠળ લાભો આપવાના રહેશે. આ માટે એક મહિનામાં સોસાયટીએ કોર્પોરેશનને તમામમાહિતી પૂરી પાડવાની રહેશે.

આ કેસની વિગત એવી છે કે અરજદાર સકરાભાઇ સહિત ૫૨ સભ્યોએ હાઈકોર્ટમાં અરજી કરીને મ્યુ.કોર્પોરેશનની તેમને અસારવા ખાતેના સર્વે નંબર ૧૧૮ના

ફાઈનલ પ્લોટ નંબર ૨૦૦ પરથી દૂર કરવાની નોટીસને પડકારી હતી. તેમણે દાદ માગી હતી કે કોર્પોરેશન અને તેના અધિકારીઓને ઝૂંપડાવાસીઓને દૂર કરવાની કામગીરી કરતા અટકાવવા જોઈએ. એટલું જ આ સ્થળે ગાંધીનગર કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીને જે ભાવે પ્લોટ ફાળવવામાં આવ્યો છે, તે જ ભાવે અરજદારોને પણ પ્લોટ ફાળવવામાં આવે અથવા તેના વિકલ્પ રુપે અન્યત્ર જમીન ફાળવવામાં આવે.

અરજદારોના કેસ મુજબ તેઓ ૨૨ વર્ષથી આ સ્થળે કોઇ વિવાદ વિના રહેતા હતા. તેઓ પટણી-વાઘરી સમાજના ગરીબ લોકો છે અને શૈક્ષણિક રીતે પણ પછાત છે. પરંતુ તેઓ જે સ્થળે રહે છે ત્યાં કોર્પોરેશન દ્વારા રસ્તો વધુ ૧૦૦ ફૂટ પહોળો કરવાનો હોઇ અરજદારોને ઝૂંપડા ખાલી કરવાની નોટીસ આપવામાં આવી હતી. આ વિવાદીત પ્લોટમાંથી નંબર ૨૦૦ની ૬૦ ટકા જમીન હાઉસિંગ સોસાયટીને ફાળવવામાં આવી હતી. જેની અરજદારો દ્વારા તપાસ કરાતા જાણવા મળ્યું હતું કે,હાઉસિંગ સોસાયટીના આ પ્લોટના ૬૦ ટકા સભ્યો અરજદારોના સમાજમાંથી જ આવે છે. અસલમાં હાઉસિંગ સોસાયટીએ ૬૫ સભ્યોની જ નોંધણી કરી હતી પંરતુ તે ૨૫૦ સુધી પહોંચી ગયા હતા. તેથી અરજદારોએ કોર્પોરેશનને વિનંતી કરી હતી કે તેમને પણ સોસાયટીના સભ્ય તરીકે નોંધવામાં આવે અથવા એ જ ભાવે તેમને પણ જમીન ફાળવવામાં આવે.

જો કે હાઇકોર્ટે અરજદારની દાદને ગ્રાહ્ય રાખી નહોતી અને ચુકાદામાં સ્પષ્ટ નોંધ્યું અરજદારો વિવાદીત સ્થળે મે ૧૯૭૬ પહેલાંથી રહેતા હોય તેવું સાબિત કરવામાં નિષ્ફળ રહ્યાં છે. તેથી તેમને ફાઇનલ પ્લો

ટ નંબર ૨૦૦ની બાકી રહેલી ૪૦ ટકામાંથી કોઇ ફાળવણી થઇ શકે નહીં.

## ૨. વૈકિલ્પક વ્યવસ્થા થાય તો જ સરકારી જમીન પરથી દબાણો હટાવવાની માગ મંજૂર કરી શકાય નહીં : હાઈકોર્ટ

ગુજરાત હાઇકોર્ટના જસ્ટિસ એમ.આર.શાહે અમદાવાદના ઘાટલોડિયા વિસ્તાર

પર સરકારી જમીન પર દબાણોને હટાવવાના મુદ્દે ચુકાદો આપતાં અરજદારોની રિટ ફગાવી દીધી હતી. તેમણે ખૂબ જ રોચક અવલોકન કરતાં નોંધ્યું હતું કે,આવા જ એક મામલે ડિવીઝન બેન્ચનું એવું તારણ હતું કે,પહેલા તો લોકો સરકારી જમીન પર અનઅધિકૃત રીતે દબાણો કરે ત્યારબાદ જ્યારે કાર્યવાહીના ભાગરીપે તેમને દૂર કરવાની શરુઆત કરવામાં આવે ત્યારે તેઓ વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવાની પોકાર કરતાં હોય છે, પરંતુ આ માંગ ગ્રાહ્ય રાખી શકાય નહીં. એટલું જ નહીં આ બાબતને એક સામાજિક દુષણ પણ ગણીએ તો કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવાના મુદ્દે આવી માંગ ખોટું કરનારાઓ માટે ઘી-કેળા સમાન બની રહેશે.

આ કેસની વિગત એવી છે કે અજમલભાઇ રામજીભાઇ રબારી અને અન્ય ૨૬૬એ હાઇકોર્ટ સમક્ષ અરજી કરી હતી. જે મુજબ ઘાટલોડિયા વિસ્તારના સર્વે નંબર ૧૪ પરના ફાઇનલ પ્લોટ નંબર ૪૧ ખાતેથી તેમના રહેઠાંણો અને જમીન ખાલી કરવાથી તંત્રને અટકાવવાની દાદ માંગવામાં આવી હતી.

અરજીમાં જણાવેલી હકીકત મુજબ અરજદારો છેલ્લાં ૪૫ વર્ષથી વિવાદીત સ્થળે રહેતા હતા. જે માટે તેમણે ઝૂંપડાઓ, નાની રુમો વગેરે બાંધ્યા હતા. તેમના નામવોટર લિસ્ટમાં પણ છે અને તેમની પાસે રેશન કાર્ડ પણ છે. આ જમીન કોઇ પણ પ્રકારની ટાઉન પ્લાનિંગની સ્કીમમાટે પણ સુરક્ષિત રાખવામાં આવી નથી. તે ગૌચરની જમીન પર નથી અને સરકારી રસ્તો પણ નથી. એટલું જ નહીં આ જમીન અગાઉ ઘાટલોડિયા ગ્રામપંચાયતમાં આવતી હતી, જે હવે મ્યુ.કોર્પોરેશનમાં સમાહિત કરાઇ છે. જે સમયે જમીન ગ્રામપંચાયતની હતી ત્યારથી અરજદારો દ્વારા મ્યુનિસિપલ ટેક્સ પણ ચૂકવે છે. એટલું જ નહીં તેમને વિજળી, પાણી, સ્ટ્રીટ લાઇટ, ડ્રેનેજ લાઇન જેવી તમામપ્રાથમિક સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવેલી છે. તેથી તેમને આ સ્થળેથી હટાવવા જોઇએ નહીં.

જો કે હાઇકોર્ટે આ અરજી રદ કરી હતી. જેમાં નોંધ્યું હતું કે,બંધારણના આર્ટિકલ ૨૨૬ હેઠળ કોર્ટ એવી વ્યિક્તઓના હિતમાં તેની સત્તાનો ઉપયોગ ન કરી શકે જેમણે મોટાપાયે ગેરરીતિ આચરી હોય અને તેમછતાંય તેમની સામે કોઇ કાર્યવાહી ન

કરવાની માગ કરતા હોય. આ અરજીના અરજદારોમાંથી ખાસ કરીને અરજદાર નંબર-૨ દ્વારા વિવાદીત સ્થળે ૨૯ રુમબાંધવામાં આવ્યા છે અને તે ભાડે આપીને તેનું ભાડું તે વસૂલે છે. એટલું જ નહીં પોતે અન્ય કોઇ સોસાયટીમાં રહે છે. તે ઉપરાંત અન્ય કેટલાક અરજદારો પણ આ સ્થળે રહેતા નથી, તેમણે દુકાનો પણ બાંધી છે. આ પ્રકારની ગેરરીતિ કરનારાઓના પક્ષમાં કોર્ટ હુકમકરી શકે નહીં.

## ૩. કરચેલિઆ ગામના હાઈવે પરના ગેરકાયદે દબાણો હટાવવાના આદેશને રદ કરવાની અરજી હાઈકોર્ટે ફગાવી

સુરત જિલ્લાના મહુવા તાલુકા ખાતેના કરચેલિઆ ગામના હાઈવ પરના ગેરકાયદે કેબિનો અને અન્ય દબાણોનેહટાવવાના તંત્રના આદેશને રદબાતલ ઠેરવવાની દાદ માંગતી રિટ ગુજરાત હાઈકોર્ટે ફગાવી હતી. હાઈકોર્ટના જસ્ટિસ આર.એસ.ગર્ગ અને એમ.આર.શાહની ખંડપીઠે આ માટેના ચુકાદામાં એવું અવલોકન કર્યો હતો કે,ખોટી રીતે દબાણ કરનારી એક વ્યક્તિ સામે તંત્રે પગલાં ન લીધાં હોય તો તેનો એ મતલબ નથી કે અન્ય કોઇ પણ ખોટી રીતે દબાણ કરનારાઓ પર પગલાં લેવા જોઇએ નહીં. જો અરજદારોની આ દલીલને ગ્રાહ્ય રાખવામાં આવે તો અરાજકતા અને અવ્યવસ્થાને બળ મળશે. એટલું જ નહીં સરકાર અથવા અન્ય કોઇ સક્ષમતંત્ર કે જેને કાયદાની જોગવાઇઓ હેઠળ ખોટું કરનારા સામે પગલાં લેવાની સત્તા મળી હોય તેનો પણ કોઇ મતલબ રહેશે નહીં.

આ કેસની હકીકત એવી છે કે,અરજદાર એસોસિયેશન ઓફ કેબિન હોલ્ડર્સ ઓફ કરચેલિઆ દ્વારા હાઈકોર્ટ સમક્ષ રિટ કરવામાં આવી હતી. જેમાં બંધારણના અનુચ્છેદ ૨૨૬ પ્રમાણે દાદ માંગવામાં આવી હતી. જેમાં રોડ એન્ડ બિલ્ડીંગ ડિપાર્ટમેન્ટ ઓફ ગુજરાત ગર્વનમેન્ટ દ્વારા કેબિન ધારકો દ્વારા ગામના હાઈવે પર ખડકી દેવામાં આવેલા ગેરકાયદે દબાણોને દૂર કરવા માટેની નોટીસને પડકારવામાં આવી હતી. અરજદારો મુજબ તા. ૮-૨-૧૯૯૪ની આ નોટીસ ગેરકાયદે અને ગેરવ્યાજબી છે કેમકે આ નોટીસ મુજબની કાર્યવાહી કરતા પહેલાં કેબિન ધારકોને

વિશ્વાસમાં લેવાયા નહોતા.

એટલું જ નહીં અરજદારોના આશ્ચર્ય વચ્ચે તા. ૧૬ અને ૧૭મી માચર્ ૧૯૯૪ના રોજ તંત્રના અધિકારીઓ બુલડોઝર્સ અને ટ્રક્સ સાથે સ્થળે પહોંચી ગયા હતા અને બે દિવસમાં ૨૨ જેટલા ઝૂંપડાઓ અને ૧૦૫ જેટલા કેબિનો ધરાશાયી કરી કાઢ્યા હતા. આ કાર્યવાહી અગાઉ કોઇ પ્રકારની નોટીસ અરજદારોને અપાઇ નહોતી અને તેમને સાંભળવામાં પણ આવ્યા નહોતા. સત્તાવાળાઓનું આ પગલું બોમ્બે લેન્ડ રેવેન્યૂ કોડની ધારા ૨૦૨નો પણ ભંગ કરતી હોવાનું જણાવવામાં આવ્યું હતું. તેથી સત્તાવાળાઓ દ્વારા અપાયેલી નોટીસને ગેરકાયદે જાહેર કરવાની તદુપરાંત તેમને જે સ્થળેથી દૂર કરાયા ત્યાં પુનઃસ્થાપિત કરવાની અને યોગ્ય વળતર આપવાની માગ કરવામાં આવી હતી.

જો કે હાઇકોર્ટની ખંડપીઠે રિટ ફગાવી દેતા ઠેરવ્યું હતું કે,રુ.૧૦ હજારના દંડ સાથે રિટ રદ કરવામાં આવે છે. તે ઉપરાંત સરકારી અધિકારીઓને તાકીદ કરવામાં આવે છે કે આ પ્રકારે સરકારી કે સ્થાનિક સત્તાવાળાઓના હસ્તકની જમીન પર ખોટી રીતે દબાણ કરનારા તમામની સામે યોગ્ય પગલાં લેવા. એટલું જ નહીં જો સરકાર આ રિટના અરજદારો સામે પગલા લેવામાં સચેત રહી હોય તો પછી તેમને અન્ય ખોટું કામકરનારા સામે પણ જાગરુક રહી પગલાં ભરવા જોઇએ.

વધુમાં હાઇકોર્ટે એમપણ નોંધ્યું હતું કે, આ હુકમની નકલ ચીફ સેક્રેટરી મારફતે મહાનગરપાલિકા, પંચાયત, અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટીઝ અને અન્ય સત્તાવાળાઓને રવાના કરવી. જેઓ આ પ્રકારની ગેરરીતિ કરનારાઓ સામે પગલાં લેતા હોય છે. જેથી કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તથા નાગરિકોને સમજાય કે,ગેરરીતિ કંઇ આપતી નથી, પરંતુ ગેરરીતિ આચરી હોય તો ભોગવવું તો પડે જ છે.

## ૪. અરજદાર વિસ્થાપિતોના પુનર્વસન માટે સરકાર નીતિ ઘડે : હાઇકોર્ટ

પીપલ્સ યુનિયન ફોર સિવિલ લિબર્ટીઝ સંસ્થા અને કેટલાક અન્ય વ્યક્તિઓ દ્વારા

થયેલી જુદીજુદી અરજીઓમાં અરજદારોએ એવી ફરિયાદ કરી હતી કે, રાજ્ય સરકારે તેની વિવિધ સત્તાનો દુરુપયોગ કરી મસલ્સ પાવર વાપરી નિર્દયી રીતે તેમના ઝૂંપડાઓ તોડી પાડ્યા છે. જ્યારે કે કેટલાકે એવી રજૂઆત કરી હતી કે કોઇ પણ પ્રકારની વૈકલ્પિક વ્યવસ્થા પૂરી પાડ્યા વિના તેમને હટાવી દેવામાં આવ્યા છે,જ્યારે કે તેઓ નાની મોટી રોજગારી ઝૂંપડાઓ નજીકના સ્થળે જ કરીને ગુજરાન ચલાવતા હોઇ તેમને નજીકમાં જ રહેવાની પરવાનગી આપી વ્યવસ્થા ગોઠવવી જોઇએ.

જ્યારે કે તંત્ર તરફથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે, અરજદારો કે જેમણે અરજી કરી છે તેઓ જાહેર માલિકીની જગ્યાએ વસવાટ કરતાં હતા, જે જગ્યા મહાનગરપાલિકા, અબર્ન ડવલપમેન્ટ ઓથોરિટી અથવા હાઉસિંગ બોર્ડ મારફતે રાજ્ય સરકારને હસ્તક છે.હાઉસિંગ યોજના હેઠળના પ્રસ્તાવિત રસ્તા માટેના સ્થળે આ ઝૂંપડાવાસીઓએ તેમના મકાનો બનાવ્યા હતા. તેમને આ સ્થળે રહેવા દેવાય નહીં. કેમકે જાહેર સુખાકારી માટે અને સમાજના નાગરિકોના લાભ માટે શહેરી વિકાસની યોજના અમલમાં મૂકાઇ છે. તેથી ઝૂંપડાવાસીઓને અહીંથી હટવું જ પડે અને આ માટે તંત્ર દ્વારા તેમને પૂરતાં સમય અગાઉ યોગ્ય રીતે નોટીસ પણ પાઠવી હતી. વધુમાં એવી રજૂઆત પણ કરવામાં આવી હતી કે જીવવાનો અધિકાર દરેકનો બંધારણીય હક છે, પરંતુ એ  સત્તા કે હકનો ઉપયોગ કરી પ્રજા અને પ્રજાલક્ષી કામગીરીને કનડગત પહોંચાડી શકાય નહીં.

હાઇકોર્ટે આ કેસમાં ખૂબ ઊંડો અભ્યાસ કરી આ મામલે થયેલી દરેક રિટનો અંગત રીતે નિકાલ કર્યો હતો. જેમાં કેટલીક અરજીઓ રદ કરવામાં આવી હતી. કેટલીક આંશિક ગ્રાહ્ય રાખવામાં આવી હતી અને કેટલીકના તો માત્ર અમુક મુદ્દા જ મંજૂર કરાયા હતા.

હાઇકોર્ટે ચુકાદામાં નોંધ્યું હતું કે,આ રિટમાં અરજી કરનારા અરજદારો ઉપરાંત જેઓ પુનર્વસન ઇચ્છતા હોય તેમને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર લેન્ડ સેલિંગ એક્ટ હેઠળ કેટલીક જમીન લે અને તે રિટના અરજદારોને ફાળવવા માટે એક નીતિ

પણ ઘડે.આ કાર્યવાહી ૭ મહિનામાં પૂર્ણ કરવાનો હુકમપણ કોર્ટે કર્યો હતો. એટલું જ નહીં રાજ્ય સરકારને તાકીદ પણ કરી હતી કે રાજ્ય સરકારે એવા કોઇ પણ ઉદ્યોગોને મ્યુનિસિપલ કોર્પોરેશનની હદમાં પરવાનગી ન આપવી જે પોતાના કર્મચારીઓ માટે ઔદ્યોગિક સ્થળ નજીક જ આવાસની સુવિધા પૂરી પાડતા ન હોય.

એટલું જ નહીં હાઇકોર્ટે તેના આ ચુકાદામાં એમપણ નોંધ્યું હતું કે,ગેરકાયદેસર રીતે દબાણો કરનારાને વૈકલ્પિક વ્યવસ્થા આપવાનો કોઇ અંત જ ન આવે. આ ખૂબ જ મહત્વના પાસાંને ધ્યાનમાં રાખીને અમદાવાદ અને વડોદરા મહાનગરપાલિકાને તાકીદ કરવામાં આવે છે કે તેઓ જાહેર સંપત્તિની સુરક્ષા અને સાચવણી માટેના અસરકારક પગલાં ઉઠાવે. આ મહાનગરપાલિકાઓ જાહેર સંપત્તિને સુરક્ષિત રાખવા ખાલી અને ઓપન પ્લોટ્સ પર પોતાના અધિકારીઓની નિમણૂંક કરે. જો તેમછતાંય જાહેર સંપત્તિ પર દબાણો થશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત અધિકારીઓની રહેશે. આ માટે મહાનગરપાલિકાએ શહેરોને વિવિધ ભાગમાં વહેંચી અધિકારીઓની નિમણૂંક કરવાની રહેશે અને આ કામગીરી ત્રણ મહિનામાં પૂર્ણ કરવાની રહેશે.

## ૫. રિવરફ્રન્ટના બાકી વિસ્થાપિતોને ૧૫મી ડિસેમ્બર સુધી પુનઃસ્થાપિત કરવા હાઈકોર્ટનો હુકમ

સાબરમતી રિવરફ્રન્ટની યોજનાના લીધે અહીં રહેતાં હજારો ઝૂંપડાવાસીઓ વિસ્થાપિત થતાં તેમને પુનઃસ્થાપિત કરવાનો ઐતિહાસિક હુકમગુજરાત હાઇકોર્ટે કર્યો હતો. આ હુકમનો અમલ કોર્પોરેશન તથા અન્ય સત્તાવાળાઓ દ્વારા કરાયો હતો, પરંતુ તેમછતાંય કુલ ૧૦૩૫૪માંથી કુલ ૫૯૬૪ અરજદારોની ઓળખ કોર્પોરેશન કરી શકી હતી. તેમાંથી કુલ ૪૩૯૦ અરજીઓ બાકી હોવાની રજૂઆત કરતી રિટ કરવામાં આવી હતી. જેમાં હાઇકોર્ટના તત્કાલીન ચીફ જસ્ટિસ એસ.જે.મુખોપાધ્યા અને જસ્ટિસ જે.બી.પારડીવાલાની ખંડપીઠે ૧૫મી ડિસેમ્બર સુધી બાકીના તમામઅરજદારોની ચકાસણી કરી તેમને સ્થાપિત કરવાનો હુકમકર્યો હતો.

આ કેસની હકીકત પ્રમાણે અરજદાર વતી એવી રજૂઆત કરાઇ હતી કે વધુ ૮૮૩ અરજદારો મકાનો મેળવવાથી વંચિત રહ્યા છે, જયારે કે એક અન્ય જૂથે વધુ ૫૫૦ અરજદારો બાકી રહ્યા હોવાની રજૂઆત કરી હતી. એટલે કે કુલ ૧૪૩૩ અરજદારો બાકી બચ્યા હોવાની હકીકત સામે આવી છે.

આ તબક્કે હાઈકોર્ટે એમઠેરવ્યું હતું કે,યોગ્ય તપાસ અને ચકાસણી વિના કોઇને પણ પુનસ્થાપિત કરવાનો હુકમકરી શકાય નહીં. તેથી એડવોકેટ જનરલની ભલામણ મુજબ બંને અરજદાર પક્ષોને ડી પી બુચ કમિટિ સમક્ષ તેમની લિસ્ટ એક સપ્તાહમાં રજૂ કરવાની રહેશે. કમિટિએ ચકાસવાનું રહેશે કે આમાંથી કોઇએ પણ અગાઉ અરજી કરી છે કે કેમ. જો કરી હોય તો તેમના નામબાદ કરવાના રહેશે અને એક નવી લિસ્ટ તૈયાર કરવાની રહેશે. જે લિસ્ટ કોર્પોરેશનને સોંપવાની રહેશે. કમિટિએ આપેલી લિસ્ટના આધારે તમામખરાઇ કર્યા બાદ કોર્પોરેશને ૧૫મી ડિસેમ્બર સુધી તમામને મકાનોની ફાળવણી કરવાની રહેશે. ત્યારપછી બુચ કમિટિ અથવા કોર્ટ સમક્ષ કોઇ પણ અરજી આવશે તો તેને ધ્યાન પર લેવાશે નહીં.

વધુમાં કોર્ટે એમપણ નોંધ્યું હતું કે રિવરફ્રન્ટની કામગીરી શરુ થઇ ગઇ છે અને જે અરજી કર્તાઓને હાલ મકાનની ફાળવણી થઇ નથી તેમને અન્યત્ર કોઇ હંગામી વ્યવસ્થા કોર્પોરેશન દ્વારા કરવામાં આવે અને સાબરમતી રિવરફ્રન્ટ ૮મી નવેમ્બર ૨૦૧૧ સુધી ખાલી કરવામાં આવે.

આ મામલે ખોટી રીતે પ્રપંચ કરીને લિસ્ટમાં જેમણે પોતાનું નામસામેલ કરાવી લીધું હોય અને તેમને મકાનો ફાળવી દેવામાં આવ્યા હોય તો તેમને આ કોર્ટના હુકમથી તેમને ફાળવેલા મકાનોમાંથી કાઢી દેવામાં આવે. એટલું જ નહીં મકાનમાંની નીકાળ્યા બાદ તેમની સામે જરુરી કાયદેસરની કાર્યવાહી પણ કરવામાં આવે. આ માટે સ્વતંત્ર એજન્સી સીઆઇડી (ક્રાઇમ) સહિત અન્યની મદદ રાજ્ય સરકાર લઇ શકે છે. આ સાથે આ મામલે થયેલી બંને અરજીઓનો કોર્ટે નિકાલ કર્યો હતો.

## ૯. રસ્તો પહોળો કરવા મકાનો હટાવવાનો મામલો અસરગ્રસ્તોને કોર્પોરેશનમાં અરજી કરવાની છૂટ આપતી હાઇકોર્ટ

સત્તાધાર રોડ અસરગ્રસ્ત સમિતિએ ગુજરાત હાઇકોર્ટના સિંગલ જજના હુકમસામે લેટર્સ પેટન્ટ અપીલ (એલપીએ) કરી હતી. જેમાં હાઇકોર્ટના જસ્ટિસ ડી. ધર્માધિકારી અને જસ્ટિસ સી. ઠક્કરની ખંડપીઠે આ અપીલનો નિકાલ કરતાં અરજદારોને એવી રાહત આપી હતી કે,અપીલ કરનાર સમિતિ અથવા કોઇ પણ એકલી વ્યકિતને જરુરી અને યોગ્ય પુરાવા સાથે મ્યુનિસિપલ કોર્પોરેશન સમક્ષ તેની અરજી કરવાની છૂટ છે. અરજીમાં જણાવવાનું રહેશે કે અરજદાર ૧૯૭૯થી જમીનનો કબજો ધરાવતો હતો અને તે કોર્પોરેશનની યોજનાનો લાભ મેળવવાનો હકદાર છે. જો આ પ્રકારની અરજી થાય તો કોર્પોરેશને તેને ધ્યાન પર લઇ કાયદા પ્રમાણે તેનો નિર્ણય કરવાનો રહેશે.

આ કેસની વિગત એવી છે કે અરજદાર સમિતિના ૧૩૫ જેટલા સભ્યો સત્તાધાર સોસાયટી રોડ અમરાઇવાડી ખાતે રહેતા હતા. જો કે આ રોડ પહોળો કરવાની કામગીરી હાથ ધરાઇ હતી. ત્યારે આ જગ્યાનો કાયદાકીય રીતે માલિકી હક ધરાવતા સમિતિના સભ્યોને જમીન ખાલી કરવાનું જણાવાયું હતું. તેથી આ સભ્યોએ કલેક્ટર અને મ્યુનિસિપલ કોર્પોરેશન અને અન્ય સત્તાધીશો સમક્ષ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે તેઓ તોફાનોના અસરગ્રસ્ત હોવાથી સરકાર અને કોર્પોરેશને તેમને મદદ કરતાં આ મકાનો બાંધ્યા હતા. તેમણે ગેરકાયદેસર રીતે કોઇ દબાણ કર્યું નથી. તેથી તેમને તેમના મકાનો ખાલી કરવાનું કહી શકાય નહીં. તે સમયે એવું પણ કહેવાયું હતું કે જો તેમને અન્યત્ર કોઇ સ્થળે વૈકલ્પિક જમીન ફાળવવામાં આવે તો તેઓ સ્થળ ખાલી કરવા તૈયાર છે. જો કે આવી કોઇ વ્યવસ્થા ન થતાં સમિતિએ હાઇકોર્ટ સમક્ષ રિટ કરી હતી.

જેમાં જણાવ્યું હતું કે આ સભ્યો એક દાયકાથી વિવાદીત જગ્યાએ રહે છે અને તેમની કોઇપણ વૈકલ્પિક વ્યવસ્થા કર્યા વિના તેમને જગ્યા ખાલી કરી દેવાનો ફરમાન કરવામાં આવ્યો છે. એટલું જ નહીં અન્યત્ર જમીન આપવાની વાતો માત્ર કાગળ પર

જ દર્શાવવામાં આવી છે કોઇ પણ જમીનનો કબજો અસરગ્રસ્તોને અપાયો નથી. જો કે આની સામે પ્રતિવાદી કોર્પોરેશન દ્વારા જણાવાયું હતું કે,અમરાઈવાડી ખાતેની જ એક ટીપી સ્કીમની જગ્યા અસરગ્રસ્તોને વૈકલ્પિક વ્યવસ્થા તરીકે ઓફર કરવામાં આવી હતી. આ ઓફર છતાં અસરગ્રસ્તો આ સાઇટ પર જવા માટે તૈયાર નહોતા.

આ સમગ્ર મામલે સિંગલ જજે રિટ ફગાવી દીધી હતી અને ઠેરવ્યું હતું કે,અસરગ્રસ્ત અરજદારોને વૈકલ્પિક જગ્યા આપીને રક્ષણ આપવામાં આવ્યું હતું અને આ સ્થળે શિફ્ટ થવા તેમને પુરતો સમય પણ ફાળવવામાં આવ્યો હતો. તેમછતાંય અરજદારોએ તેનો લાભ લીધો નહોતો. બીજી તરફ વ્યાપક પ્રજાહિતને ધ્યાનમાં રાખીને કોર્પોરેશન દ્વારા જાહેર રસ્તો પહોળો કરવાની કામગીરી હાથ ધરાઇ હોવાથી વિવાદીત પ્લોટ કોર્પોરેશન માટે ઉપલબ્ધ કરાવવાનો હોવાથી અરજદારોની રિટ રદ કરવામાં આવે છે.

સિંગલ જજના આ હુકમની સામે અરજદારોએ અપીલ કરી હતી,જેનો નિકાલ કરતાં હાઇકોર્ટની ખંડપીઠે સિંગલ જજના હુકમમાં દખલ નહોતો કર્યો પરંતુ અરજદાર સમિતિના સભ્યોને કોર્પોરેશન સમક્ષ અરજી કરી યોગ્ય રજૂઆત કરવાની છૂટ આપી હતી અને કોર્પોરેશનને કાયદા મુજબ તેનો નિર્ણય કરવાની તાકીદ કરી હતી.

## ૭. ગુજરાત સ્લમક્લિયરન્સ બોર્ડે મકાનોની વધારેલી કિંમતને અપ્રમાણિક જાહેર કરવાની રિટ હાઇકોર્ટે રદ કરી

જમીન ખાલી કરાવી તે સ્થળના રેહવાસીઓને ગુજરાત સ્લમક્લિયરન્સ બોર્ડ દ્વારા મકાન બાંધીને રુ. ૧૫ હજારની કિંમતે આપવાની યોજનામાં મકાન માટેની બોર્ડની રુ. ૩૪,૫૦૬ની માંગને ગેરવ્યાજબી, અપ્રમાણિક અને મનસ્વી જાહેર કરવાની રિટ હાઇકોર્ટે રદ ઠેરવી હતી. હાઇકોર્ટના જસ્ટિસ અકીલ કુરેશીએ ઠેરવ્યું હતું કે,સંબંધિત બોર્ડ દ્વારા આ સમગ્ર મામલે સંતોષકારક ખુલાસો કરવામાં આવ્યો છે અને એ મારફતે આ મકાનોની કિંમતો કેમવધી તેની સ્પષ્ટતા કરાઇ છે. તેથી કેસમાં કોઇ પણ પ્રકારે દખલ કરવાનો મામલો બનતો ન હોઇ રિટને રદ જાહેર કરવામાં

આવે છે.

આ કેસની વિગત એવી છે કે બોર્ડ દ્વારા અરજદારો જે સ્થળે રહેતા હતા ત્યાંની જમીનો ખાલી કરાવવામાં આવી હતી અને બોર્ડે અહીં યોગ્ય મકાનો બાંધી રુ. ૧૫ હજારમાં તેનો કબજો સોંપવાની યોજના બનાવી હતી. જો કે આ યોજનાના અમલમાં ખાસ્સી વાર થઇ હતી તેમછતાંય સભ્યોને સમયસર કબજો આપવામાં આવ્યો હતો. પરિણામે નિયત કરાયેલી કિંમતમાં વધારો થયો હતો અને બોર્ડ દ્વારા રુ. ૩૪૫૦૬ની માંગ કરવામાં આવી હતી. બોર્ડની આ માગ અનઅધિકૃત, અસ્વીકાર્ય અને મનસ્વી હોવાની રજૂઆત રિટમાં કરવામાં આવી હતી.

જો કે તેની સામે બોર્ડ દ્વારા સોગંદનામું કરીને એવી રજૂઆત કરવામાં આવી હતી કે,અરજદાર એસોસિયેશનના સભ્યો દ્વારા સરકારી જમીન પર ગેરકાયદે રહેંણ દબાણ કરવામાં આવ્યું હતું. જેમાંથી કેટલાક લોકોએ જગ્યા ખાલી કરવા સામે વિરોધ નોંધાવ્યો હતો. જેના લીધે યોજનાને અમલમાં મૂકવામાં મોડું થયું હતું. અંતે, જ્યારે બાંધકામપૂર્ણ થયું ત્યારે તેના માટે રુ. ૩૪૫૦૬ના ભાવે ઓફર મૂકવામાં આવી હતી અને આ માટે ૧૫ વર્ષના હપ્તા પણ રાખવામાં આવ્યા હતા. આ નિયમમંજૂર રાખી અને કરાર કર્યા બાદ જ ફાળવણી કરવામાં આવી હતી.

બોર્ડ દ્વારા એવી રજૂઆત પણ થઇ હતી કે,આ મુદ્દો બે પક્ષો વચ્ચે થયેલું કરારનામું છે. જેથી ફાળવણીના નિયમોથી બંધાયા બાદ તેનો લાભ મેળવનાર તેના નિમયને પડકારી શકે નહીં.

હાઇકોર્ટે આ મુદ્દે હુકમકરતાં નોંધ્યું હતું કે એસોસિયેશનના સભ્યો દ્વારા કબજો સોંપવામાં મોડું થયું હોવાથી સમગ્ર યોજનાના અમલમાં વિલંબ થયો હોવાની બાબતને આ કેસના તથ્યો તપાસતા નકારી શકાય નહીં. એટલું જ નહીં અરજદારે બોર્ડના ફાળવણી અંગેનો કરારનો પણ સ્વીકાર કર્યો હતો. તેવા સંજોગોમાં બોર્ડની વિરુદ્ધ કોઇ કેસ બનતો ન હોવાથી રિટ નિષ્ફળ જણાતા રદ કરાય છે.

## ૮. દવલશા ઝૂંપડપટ્ટીના રહેવાસીઓને વૈકલ્પિક વ્યવસ્થા માટે કોર્પોરેશનમાં અરજી કરવાનો હુકમ

સુરત ખાતેના વેડ રોડ પર આવેલી દવલશા ઝૂંપડપટ્ટીના રહેવાસીઓમાંથી જેને કોર્પોરેશનની યોજના હેઠળ વૈકલ્પિક વ્યવસ્થા જોઇતી હોય તેમને સુરત મહાનગરપાલિકાની કતારગામખાતેની ઝોનલ કચેરી ખાતે અરજી કરવાનો હુકમગુજરાત હાઈકોર્ટે કર્યો હતો. આ માટે ફોર્મ મેળવી જરુરી પુરવા અને દસ્તાવેજો અરજદારોને રજૂ કરવાના રહેશે અને આ માટેની સમગ્ર કાર્યવાહી ૩૧-૧૦-૨૦૧૧ સુધી પૂર્ણ કરી દેવાનો હુકમપણ હાઈકોર્ટે કર્યો હતો. આ હુકમસાથે અરજદાર પ્રભુનાથ પ્રસાદ યાદવની અરજીનો હાઈકોર્ટના તત્કાલીન ચીફ જસ્ટિસ એસ.જે. મુખાપાધ્યા અને જસ્ટિસ જે.બી.પારડીવાલાની ખંડપીઠે નિકાલ કર્યો હતો.

તેમણે વધુમાં એવું પણ નોંધ્યું હતું કે,અરજદારો અરજી કરે ત્યારબાદ સુરત મહાનગરપાલિકાએ અરજીઓની તપાસ કરવાની રહેશે અને લાયકાત ધરાવતા ઝૂંપડાવાસીઓને કોર્પોરેશનની વૈકલ્પિક વ્યવસ્થા માટેની નીતિ મુજબ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. જો ૩૧-૧૦-૧૧ સુધીમાં કોઇ વસાહતી અરજી કરવામાં મોડું કરે તો તે કોર્પોરેશન ઉપર છે કે તે અરજીમાં શું કરવું. આ કાર્યવાહી પૂર્ણ થયા બાદ કોર્પોરેશનને છૂટ છે કે તે દવલશા ઝૂંપડપટ્ટીના વસાહતીઓને ત્યાંથી દૂર કરે જેમણે ત્યાં અનઅધિકૃત રીતે કબજો કરેલો હોય.

આ કેસની વિગત એવી છે કે પ્રભુનાથ યાદવે હાઈકોર્ટ સમક્ષ અરજી કરીને એવી રજૂઆત કરી હતી કે,આ ઝૂંપડાવાસીઓ ઘણા લાંબા સમયથી વિવાદીત સ્થળે રહે છે અને તેમના પુનર્વસન માટે કોઇ યોજના હેઠળ કોઇ જોગવાઇ ઊભી કરવી જોઇએ. અરજીમાં એવી દાદ માંગવામાં આવી હતી કે,સ્થાનિક વસાહતીઓને સ્થળેથી દૂર કરવા અથવા તેમના મકાનો-ઝૂંપડાઓ તોડી પાડવાની કોર્પોરેશનની કામગીરી પર પ્રતિબંધ મૂકવો જોઇએ. એટલું જ નહીં આ જ સ્થળે વસાહતીઓ યોગ્ય અન્ય વ્યવસ્થા પૂરી પાડવી જોઇએ. તે સિવાય જેએનએનયુઆરએમ અથવા એવી જ કોઇ

અન્ય યોજના હેઠળ સ્થાનિકોને સમાવી લઇ તેમને વૈકલ્પિક વ્યવસ્થ રહેવા માટેની પૂરી પાડવી જોઇએ. જ્યાં સુધી કેસનો અંતિમનિકાલ ન થાય ત્યાં સુધી કોર્પોરેશનને કોઇ પણ કાર્યવાહી કરવા પર મનાઇ ફરમાવવાની પણ દાદ માંગવામાં આવી હતી.

આ મામલે કોર્પોરેશન તરફથી એવી રજૂઆત કરવામાં આવી હતી કે કોર્પોરેશનની નીતિ મુજબ તેમણે વૈકલ્પિક વ્યવસ્થા આપવાની કામગીરી હાથ ધરી જ છે. ૧૮૯ જેટલા ઝૂંપડાઓમાંથી માત્ર ૧૨૫ દ્વારા જ ફોર્મ મેળવવામાં આવ્યા છે. તેમાંથી ૩૯ જણે જ ફોર્મ જમા કરાવ્યા છે. આ ૩૯માંથી ૨૬ને કોસાદના ઇ.એસ.ડબલ્યુ. આવાસ ખાતે ખસેડવામાં આવ્યા છે. જો કે અરજદાર તરફથી એવી રજૂઆત કરાઇ હતી કે આ સ્થળે લાઇટ, પાણી અને પ્રાથિમક સુવિધાઓનો અભાવ છે. જો કે કોર્પોરેશન દ્વારા દર્શાવેલી તસ્વીરો પરથી સ્પષ્ટ જણાતું હતું કે, આ સ્થળે પાક્કા રોડ, સ્ટ્રીટ લાઇટ, વિજળી, પાણીની ટાંકી વગેરે જેવી વ્યવસ્થા છે. તેથી ઉક્ત આદેશ કરી હાઇકોર્ટે રિટનો નિકાલ કર્યો હતો.

## પરિશિષ્ટ

૧. યોગ્ય આવાસ અંગે સંયુક્ત રાષ્ટ્રના ખાસ પ્રતિનિધિનો રિપોર્ટ, મિલૂન કોઠારી, E/CN.4./2006/41, 21 march 2006

૨. અગિયારમી પંચવર્ષીય યોજનાની શહેરી આવાસ સંબંધી કાર્યકારી જૂથનો રિપોર્ટ, આવાસ અને શહેરી-ગરીબી નિવારણ મંત્રાલય, ભારત સરકાર.

૩. રાષ્ટ્રીય શહેરી આવાસ તથા નિવાસસ્થળ નીતિ ૨૦૦૭ ભારત સરકાર

૪. અગિયારમી પંચવર્ષીય યોજનાની શહેરી આવાસ સંબંધી કાર્યકારી જૂથનો રિપોર્ટ, આવાસ અને શહેરી-ગરીબી નિવારણ મંત્રાલય, ભારત સરકાર.

૫. સર્વોચ્ચ અદાલતના અનેક નિર્ણયોમાં એ બાબતનો ઉલ્લેખ છે : ફ્રાંસિસ કોરાલી મુલિન વિરુદ્ધ દિલ્હી કેન્દ્રશાસિત પ્રદેશ વિસ્તાર (૧૯૮૧)૧. એસ.સી.સી ૬૦૮), ઑલ્ટા ટેલિસ વિરુદ્ધ મુંબઈ નગરપાલિકા (૧૯૮૫) ૩.એસ.સી.સી ૫૪૫), શાંતિસ્ટાર બિલ્ડર વિરુદ્ધ નારાયણ ખીમાલાલ ટોટામે (૧૯૯૦)૧ એસ.સી.સી ૫૨૦), ચમેલીસિંહ તથા અન્યો વિરુદ્ધ ઉત્તરપ્રદેશ રાજ્ય (૧૯૯૬) ૨ એસ.સી.સી ૫૪૯) આંતરરાષ્ટ્રીય કાનૂન તથા સંધિદાયિત્વના અનુમોદન પર ભાર મૂકનાર નિર્ણયોમાં આ સામેલ છે. ભારતીય ગ્રામોફોન કંપની વિરુદ્ધ બી.બી.પાંડે (૧૯૮૪) ૨ એસ.સીસી ૫૩૪) સી.ઇ.આર.સી. વિરુદ્ધ ભારત સરકાર (૧૯૯૫) ૫.એસ.સી.સી ૧૨૫) તથા પી.યુ.સી.એલ. વિરુદ્ધ ભારત સરકાર (૧૯૯૭) ૩ એસ.સી.સી ૪૩૩)

૬. આર્થિક, સામાજિક તથા સાંસ્કૃતિક અધિકાર સમિતિ ૧૯૯૧, છઠ્ઠું સત્ર, ભાગ ૭ તથા ૮ની સામાન્ય ટિપ્પણી ૪ યોગ્ય આવાસનો અધિકાર (આઇ.સી.ઈ.એસ.સી.આર. ઉપસંવ્દાની કલમ ૧૧(૧)

૭. એમાં આવાસ અને જમીન અધિકાર સંગઠન સામેલ છે (www.hml.org) યોગ્ય આવાસ અંગે સંયુક્ત રાષ્ટ્રના વિશેષ પ્રતિનિધિનો રિપોર્ટ જુઓ. (http://www.ohchr.org/english/issues/housing/index.html) ખાસ કરીને મહિલાઓ તથા આવાસ અંગે પ્રશ્નાવલિ, પરિશિષ્ટ-૩,

A/HRC/4/18, February 2007 (http://daccessdds.un.org/doc/UNDOC/GEN/G07/106/28/pdf/G0710628pdf?open element )

૮. આર્થિક, સામાજિક તથા સાંસ્કૃતિક અધિકાર સમિતિ ૧૯૯૭, છઠ્ઠું સત્ર, ભાગ ૩ની સામાન્ય ટિપ્પણી ૩ યોગ્ય આવાસનો અધિકાર (આઈ.સી.ઈ. એસ.સી.આર. ઉપસંવ્દાની કલમ ૧૧ (૧)

૯. યોગ્ય આવાસ અંગે સંયુક્ત રાષ્ટ્રના ખાસ પ્રતિનિધિનો રિપોર્ટમાં મૂળ સિદ્ધાંત તથા દિશાનિર્દેશ સામેલ કરવામાં આવ્યા છે, મિલૂન કોઠારી, A/HRC.4./18 FEBRUARY 2007 Online available: http://ohchr.org/English/issues/housing/annual.html

૧૦. 6/27 A/HRC/6/L11/ADD 1,19 december 2007 online available http://ap.ohchr.org/documents/E/HRC/resolutions/A_HRC_RES_6_27_pdf

**આવાસ અને જમીન અધિકાર સંગઠન**
**(હાઉસિંગ એન્ડ લેન્ડ રાઈટર્સ નેટવર્ક — એચ.એલ.આર.એન.)**

આવાસ અને જમીન અધિકાર સંગઠન (એચ.એલ.આર.એન.) આંતરરાષ્ટ્રીય આવાસ સંમેલન (હેબિટેટ ઇન્ટરનેશનલ કોઆલિશન)નું અભિન્ન અંગ છે તથા યોગ્ય આવાસ અને જમીનના માનવ અધિકારની ઓળખ, સુરક્ષા, પ્રોત્સાહન તથા અમલીકરણ સાથે જોડાયેલ છે. યોગ્ય આવાસના અધિકાર અંતર્ગત તમામ લોકો ખાસ કરીને વંચિત સમુદાય માટે શાંતિ તથા સન્માન સાથે રહેવાની યોગ્ય તથા સુરક્ષિત જગ્યા ઉપલબ્ધ કરાવવાની બાબત સામેલ છે. એચ.એલ.આર.એન.ના કામનું એક મુખ્ય બિંદુ મહિલાઓ માટે આવાસ, જમીન, સંપત્તિ તથા ઉત્તરાધિકાર માટે સમાન અધિકારોને પ્રોત્સાહન તથા સુરક્ષા. એચ.એલ.આર.એન. પોતાના લક્ષ્યની પૂર્તિ માટે પેરવી, સંશોધન, માનવ અધિકાર શિક્ષણ તથા સ્થાનિક, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંગઠનોના ગઠન જેવાં માધ્યમોથી લોકો સુધી પહોંચવું.
website: www.hic-sarp.org / www.hlrn.org

**સામાજિક ન્યાય કેન્દ્ર**

સામાજિક ન્યાય કેન્દ્ર કાયદા અને માનવઅધિકારના ક્ષેત્રે કામ કરતી સ્વૈચ્છિક સંસ્થા છે. કાયદાને સામાજિક બદલાવના સાધન તરીકે ઉપયોગમાં લાવવો તે કેન્દ્રનો મુખ્ય હેતુ છે. આ હેતુને અનુલક્ષીને સામાજિક ન્યાય કેન્દ્રે અનેક રાજ્યોમાં કાનૂની સહાય અને માર્ગદર્શન કેન્દ્રો ઊભાં કર્યાં છે. આ સિવાય સામાજિક ન્યાય કેન્દ્રે દલિતો, આદિવાસીઓ, મહિલાઓ, લઘુમતીઓ અને અન્ય વંચિત વર્ગ માટે કામ કરતાં જૂથોને કાયદાકીય ટેકો પૂરો પાડે છે. સામાજિક ન્યાય કેન્દ્ર વિવિધ સંગઠનો તેમજ સંસ્થાઓ અને કર્મશીલોને કાયદા અને માનવઅધિકારની તાલીમઆપે છે. કેન્દ્ર દ્વારા અસીલોના અધિકાર બાબતે તેમજ વકીલોની વ્યાપક ચળવળ ઊભી કરવા પગલાં લેવામાં આવ્યાં છે. જાહેર હિતના પ્રશ્નો પર કાયદાકીય દરમિયાનગીરી કરી નીતિ-સુધારણાની કામગીરી પણ કરવામાં આવે છે.છેલ્લા દસકામાં કેન્દ્રની પ્રવૃત્તિઓથી ગુજરાતમાં સામાજિક ન્યાયની ચળવળને વેગ મળ્યો છે અને સમાજ પરિવર્તન માટે કાયદાનો ઉપયોગ કરવાનું વલણ વધ્યું છે.
website: www.centreforsocialjustice.net

યોગ્ય આવાસનો અધિકાર એક આંતરરાષ્ટ્રીયસ્તર પર સ્વીકૃત માનવ અધિકાર છે. આ અધિકાર બીજા અનેક માનવ અધિકારો, જેમ કે ગૌરવપૂર્ણ જીવન જીવવાનો અધિકાર, ભોજન, કામ, આરોગ્ય, વ્યક્તિગત તથા ઘરની સુરક્ષાના અધિકારોની પ્રાપ્તિ માટે બહુ મહત્ત્વપૂર્ણ છે. પરંતુ દુનિયાની અડધોઅડધ વસ્તી પાસે યોગ્ય આવાસ માટે મહત્ત્વપૂર્ણ સાધનો ઉપલબ્ધ નથી.

બળજબરીપૂર્વકના વિસ્થાપનમાં થઈ રહેલ વધારાને કારણે વૈશ્વિકસ્તરે આવાસની કમી વર્તમાન કમી પર વધારે ગંભીર અસરો ઊભી કરે છે. ભારતમાં થઇ રહેલ માળખાગત વિકાસ યોજનાઓ, શહેરી નવિનીકરણ તથા વિસ્તાર અને શહેરી સુંદરીકરણ પ્રોજેક્ટ, રમત-ગમતના મોટા કાર્યક્રમો તથા ઔદ્યોગિક વિકાસ મુખ્ય કારણ છે. જેને કારણે કેટલાય લોકોને પોતાના ઘર તથા આવાસથી વિસ્થાપિત કરવામાં આવે છે.

બળજબરીપૂર્વકનું વિસ્થાપન લોકોને બેઘર અને શોષિત બનાવે છે. એમની પાસે આજીવિકા મેળવવાનાં સાધનો, અસરકારક કાયદાકીય તથા પ્રતિકાર સુવિધા સુધીની પહોંચ હોતી નથી. બળજબરીપૂર્વકના વિસ્થાપનથી  કેટલાય માનવ અધિકારોનું હનન થાય છે. એની અસર મહિલાઓ, બાળકો, ગરીબો, જાતીય અને મૂળનિવાસી લોકો, લઘુમતીઓ તથા અન્ય વંચિત સમુદાય પર વધારે પડે છે.

આ પુસ્તિકામાં વિકાસ આધારિત વિસ્થાપન તથા સંયુક્ત રાષ્ટ્રના મૂળ સિદ્ધાંતો તથા દિશાનિર્દેશોના સાર તથા મૂળ વિષયવસ્તુ આપવામાં આવી છે. જે યોગ્ય આવાસ અંગે સંયુક્ત રાષ્ટ્રના વિશેષ પ્રતિનિધિએ સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર પરિષદ સમક્ષ જૂન ૨૦૦૭માં પ્રસ્તુત કરવામાં આવી હતી.

શક્ય હોય ત્યાં વિસ્થાપન ઓછું કરવું તથા એ અંગેના વિકલ્પો શોધવા એ દિશાનિર્દેશનો મુખ્ય આશય છે. અનિવાર્ય વિસ્થાપનની પરિસ્થિતિમાં આ દિશાનિર્દેશો મુજબ કેટલાક ખાસ માનવ અધિકારોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેનું દરેક સ્થિતિમાં પાલન તથા સન્માન કરવું જોઇએ.

આ દિશાનિર્દેશ વિવિધ રીતે ઉપયોગી છે. એનો ઉદ્દેશ વિસ્થાપન તથા પુનર્વસન અને બહાલી માટે જવાબદાર તમામ પક્ષોના વ્યવહારો, પ્રક્રિયાઓ અને નીતિઓમાં શ્રેષ્ઠ હોય. વિસ્થાપન તથા એનાં જોખમો સહન કરતા લોકો તથા એમનું પ્રતિનિધિત્વ કરતા નાગરિક સમાજના સભ્યો વચ્ચે જાગૃતિ વિકસે. યોગ્ય પુનર્વસન તથા બહાલી અને માનોકોની સ્થાપના થાય તથા એ મુદ્દે સરકારી અને બિનસરકારી સંસ્થાઓની જવાબદારી વધે.